**આજનો સુવિચાર**

સમય અને શ્વાસ પૈસા કરતાં વધુ મૂલ્યવાન છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૧૫ જૂનાગઢ તા.૨૭-૦૪-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 115, Junagadh : Date : 27 April, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## આગામી પાંચ દિવસ સુધી ૭ રાજયોમાં અતિગંભીર હીટવેવની ચેતવણી



નવી દિલ્હી તા.૨૭

આવતા અઠવાડિયે ભારતના મોટાભાગનાં વિસ્તારોમાં ગંભીર હીટ વેવની સ્થિતિની આગાહી છે કારણ કે ૨૦૨૪ રેકોર્ડ પર સૌથી ગરમ વર્ષ તરીકે ઉભરી આવવાનો અંદાજ છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી પાંચ દિવસમાં પૂર્વી ભારત અને દક્ષિણ દ્વીપકલ્પ ભારતમાં 'હીટવેવથી ગંભીર હીટવેવ'ની સ્થિતિ યથાવત રહેવાની ધારણા છે. પૂર્વ ભારતમાં અને મહારાષ્ટ્ર અને દક્ષિણ દ્વીપકલ્પના ઘણા ભાગોમાં આગામી પાંચ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની પ્રબળ શક્યતા છે. આઈએમડીએ પણ ૨૬ થી ૨૯ એપ્રિલ સુધી પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં ગાજવીજ, વીજળી અને તીવ્ર પવન સાથે વરસાદની આગાહી કરી છે. ૨૬ થી ૨૮ એપ્રિલ સુધી ઉત્તરપશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં અને ૨૬ થી ૨૭ એપ્રિલ સુધી મધ્ય ભારતને અડીને આવેલા વિસ્તારોમાં સમાન હવામાનની સ્થિતિ રહેવાની ધારણા છે.

વિશ્વ હવામાન સંસ્થાએ તાજેતરમાં પુષ્ટિ કરી છે કે ૨૦૨૩ રેકોર્ડ પરનું સૌથી ગરમ વર્ષ હતું. જેમાં વૈશ્વિક સરેરાશ સપાટીનું તાપમાન પૂર્વ-ઔદ્યોગિક આધારરેખા કરતાં ૧.૪૫ ડિગ્રી સેલ્સિયસ ઉપર પહોંચ્યું હતું.

## ગુજરાતની તમામ બેઠકો જંગી લીડથી જીતવાનો અમિત શાહને વિશ્વાસ

જામકંડોરણા, તા.,૨૭

લોકસભા ચુંટણી આડે હવે ગણતરીનાં દિવસો બાકી રહયા છે ત્યારે પ્રચાર ઝડપી બન્યો છે. આજે કેન્દ્રીય ગૃહમંત્રી મંત્રી અમિત શાહની રાજકોટ જીલ્લાના જામકંડોરણા ખાતે કુમાર છાત્રાલય ખાતે પોરબંદર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. મનસુખભાઇ માંડવીયાના સમર્થનમાં ભવ્ય 'વિજય સંકલ્પ સભા' યોજાઇ હતી.

અમિત શાહે ગુજરાતની તમામ ૨૬ બેઠકો જંગી લીડથી જીતીશું તેનો વિશ્વાસ વ્યકત કર્યો હતો અને કેન્દ્રની ૧૦ વર્ષની કામગીરીની માહીતી આપી હતી.

## નૈનીતાલના જંગલોમાં અતિભિષણ આગ લાગી : સૈન્યની મદદ લેવાઈ



નૈનીતાલ તા.૨૭

ઉત્તરાખંડના નૈનીતાલમાં નજીક આવેલ જંગલોમાં અતિભીષણ આગ ફાટી નીકળતાં આગને કાબુમાં લેવા માટે સૈન્યની મદદ લેવામાં આવી છે. આગને ઠારવા માટે વાયુસેનાના હેલીકોપ્ટરોને કામે લગાવવામાં આવ્યા છે. જંગલમાં લાગેલી આગ એટલી ભયાનક છે કે નૈનીતાલ શહેરના સીમાડા સુધી પ્રચંડ આગ પહોંચી ગઈ છે. આખું જંગલ ભડભડ સળગી રહયું છે અને પહાડો પરથી પ્રચંડ જવાળાઓ નીકળતા ભયનું વાતાવરણ સર્જાયું છે.

## રશિયા-ઈરાન ડ્રોન સોદામાં મદદ કરનાર ત્રણ ભારતીય કંપનીઓ પર અમેરીકાએ પ્રતિબંધ મુકયો

વોશિંગ્ટન,તા.૨૭

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેની અથડામણના પગલે ઈરાન ભવિષ્યમાં તેના અણુ કાર્યક્રમો સહિતની લશ્કરી તૈયારીઓને વેગ આપી શકે છે તેવા સંકેત વચ્ચે અમેરિકાએ ઈરાન પર લાદેલા પ્રતિબંધમાં ત્રણ ભારતીય કંપનીઓને પણ હવે અમેરિકામાં બિઝનેસ કરવા પર પ્રતિબંધીત કરી દીધી છે.

ઈરાન સાથે કારોબાર કરનાર વિશ્વની ૧૨ કંપનીઓને અમેરિકાએ પ્રતિબંધીત કરી છે તેમાં ત્રણ ભારતીય કંપનીઓનો પણ સમાવેશ થાય છે અને અમેરિકાએ એવો આરોપ મુકયો હતો કે યુક્રેન યુદ્ધમાં રશિયાને જે ડ્રોન ઈરાને વેચ્યા હતા તેમાં આ ભારતીય કંપનીઓએ સોદો પાર પાડવામાં મદદ કરી હતી.

અમેરિકી ટ્રેઝરી વિભાગના જણાવ્યા મુજબ ભારતની સહારા થંડર સહિતની કંપનીઓએ ઈરાનના ડ્રોન રશિયા સહિતના દેશોને વેચવામાં મદદ કરી હતી. અન્ય કંપનીઓમાં ભારત સ્થિત ઝેન શીપીંગ એન્ડ પોર્ટ ઈન્ડીયા પ્રા.લી. અને સહારા થંડર એ કુક આઈસલેન્ડના જહાજને ચાર્ટર કર્યુ હતું.

એટલું જ નહી યુએઈ સ્થિત સીઝ શીપીંગ મેનેજમેન્ટ કંપની પણ તેમાં સંકળાઈ હતી અને ઈરાન સ્થિત કંપનીની સાથે આ ડ્રોનના પરિવહન સહિતની પ્રક્રિયામાં મદદ કરી હતી. આ ઉપરાંત આર્ટ શીપ મેનેજમેન્ટ પ્રા.લી.કંપનીએ પણ યુએઈમાં રહેલી કંપનીઓ મારફત ઈરાન અને રશિયાની ડીલમાં મદદ કરી હતી.

## આજે કોંગ્રેસ ચુંટણી સમિતીની બેઠક-રાહુલ ગાંધી અમેઠીથી, પ્રિયંકા રાયબરેલીથી ચુંટણી લડશે તેવા સંકેતો

નવી દિલ્હી તા.૨૭

કેન્દ્રીય ચૂંટણી સમિતિની આજે દિલ્હીમાં બેઠક યોજાશે. જેમાં યુપીમાં અમેઠી અને રાયબરેલી સિવાય બાકીની લોકસભા સીટો માટેના ઉમેદવારોના નામ પર ચર્ચા કરવામાં આવશે. અમેઠીથી રાહુલ અને રાયબરેલીથી પ્રિયંકાના નામને અંતિમ મહોર લાગી શકે છે.

કોંગ્રેસે અત્યાર સુધીમાં ૩૧૭ લોકસભા સીટો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે. લોકસભા ચૂંટણી માટે પણ બે તબક્કામાં મતદાન થયું છે. આ સાથે ૧૧ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોની તમામ બેઠકો પર પણ મતદાન પૂર્ણ થઈ ગયું છે.૧૯ એપ્રિલે પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર ૬૩ ટકા મતદાન થયું હતું. તેમજ, બીજા તબક્કામાં (૨૬ એપ્રિલ), ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર ૬૭.૯૮% મતદાન થયું હતું. હવે ત્રીજા તબક્કાનું મતદાન ૭ મેના રોજ થશે. કોંગ્રેસે અમેઠી અને રાયબરેલી સીટ પર આંતરિક સર્વે કર્યો છે. આ પછી બંને બેઠકો પર ગાંધી પરિવારના ઉમેદવારોને મેદાનમાં ઉતારવાનું નક્કી થયું હતું. રાહુલ ગાંધી અમેઠીથી અને પ્રિયંકા ગાંધી રાયબરેલીથી ચૂંટણી લડશે તે નિશ્ચિત માનવામાં આવે છે. કોંગ્રેસે આ બંને બેઠકો પર આંતરિક સર્વે હાથ ધર્યો હતો.

## જામનગર જીલ્લામાં ક્ષત્રિય મહિલાઓ રણચંડી બની

જામનગર તા.૨૭

ક્ષત્રિય સમાજને લઈ રૂપાલાએ કરેલા નિવેદન બાદ સર્જાયેલો વિવાદ શાંત પડવાનું નામ નથી લઈ રહ્યો. જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ તેમ ભાજપ સામેનો વિરોધ સતત વધી રહ્યો છે. ભાજપના કાર્યાલયનો ઉદઘાટન પ્રસંગ હોય કે ભાજપની રેલી કે સભા હોય ત્યા ક્ષત્રિય યુવાનો ઘસી આવીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. જામનગરના જામજોધપુરમાં તાજેતરમાં ભાજપના ઉમેદવાર પૂનમ માડમની રેલીમાં ક્ષત્રિય યુવાનોએ વિરોધ કર્યા બાદ હવે ગઈકાલે નવાગામ ઘેડ અને કાલાવડમાં પણ ભાજપ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. નવાગામ ઘેડમાં તો ક્ષત્રાણીઓ રણચંડી બની હોય તેવુ જોવા મળ્યું હતું. ભાજપના બેનર પણ તોડી નાખ્યા હતા. તેમજ ખુરશીઓ ઉલાળવામાં આવી હતી.

## અમેરિકામાં સર્જાયેલા માર્ગ અકસ્માતમાં આણંદની ૩ મહિલાઓના મોત

વોશિંગ્ટન તા.૨૭

અમેરિકામાં થયેલ એક માર્ગ અકસ્માતમાં ૩ ગુજરાતી મહિલાઓના મૃત્યુ નિપજયા છે. આ મહિલાઓ આણંદ જીલ્લાનાં બોરસદ તાલુકાની વતની હોવાનું જાણવા મળી રહ્યું છે. એટલાન્ટાથી ગ્રીન વેલી સાઉથ કરોલી જતા કાર ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. મૃતક મહિલાઓમાં રેખાબેન દિલીપ ભાઈ પટેલ, સંગીતાબેન ભાવેશભાઈ પટેલ, અને મનિષા બેન રાજેન્દ્રભાઈ પટેલનો સમાવેશ થાય છે મૃતકોમાં બે મહિલાઓ વાસણા (બો) ગામની વતની છે. જ્યારે એક મહિલા કાવીઠા ગામનાં મૂળ વતની છે. જયારે અકસ્માતમાં કારમાં સવાર હજુ એક વાસણા ગામની મહિલાની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

## પાકિસ્તાનના લાહોરમાં ચોકનું નામ શહીદ ભગતસિંહના નામ પર રાખવા હાઈકોર્ટનો આદેશ

લાહોર તા.૨૭

પાકિસ્તાનની હાઈકોર્ટે પાકિસ્તાનની પંજાબ સરકારને આદેશ આપ્યો હતો કે લાહોરના શાદમાન ચોકનું નામ બદલીને સ્વાતંત્ર્ય સેનાની શહીદ ભગત સિંહના નામ પર રાખવામાં આવે.પાકિસ્તાનની પંજાબ સરકારે લાહોરના શાદમાન ચોકનું નામ સ્વતંત્રતા સેનાની ભગત સિંહના નામ પર રાખવાના મુદ્દે હાઈકોર્ટ પાસે વધુ સમય માંગ્યો છે. લાહોર હાઈકોર્ટના જજ શમ્સ મહમૂદ મિર્ઝા 'ભગત સિંહ મેમોરિયલ ફાઉન્ડેશન પાકિસ્તાન'ની અરજી પર સુનાવણી કરી રહ્યા હતા. અરજીમાં પ્રાંતીય અને જિલ્લા સરકારના ત્રણ ઉચ્ચ અધિકારીઓ સામે શાદમાન ચોકનું નામ ભગત સિંહના નામ પર રાખવાના કોર્ટના આદેશનું પાલન નહીં કરવા બદલ તિરસ્કારની કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. ૨૦૧૮માં હાઈકોર્ટે સરકારને લાહોરના શાદમાન ચોકનું નામ ભગત સિંહના નામ પર રાખવાનો આદેશ આપ્યો હતો.

## મણિપુરમાં કુકિ ઉગ્રવાદીઓએ કરેલા હુમલામાં સીઆરપીએફના બે જવાન શહીદ - બે ગંભીર

ઈમ્ફાલ તા.૨૭

મણિપુરના બિષ્ણુપુર જિલ્લાના નારાયણસેના વિસ્તારમાં ગત મોડી રાત્રે કુકી ઉગ્રવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં CRPFના બે જવાન શહીદ થયા હતા. તેમજ બે જવાન ઘાયલ થયા છે. મૃતક જવાનોની ઓળખ સાકાર અને અરૂપ સૈની તરીકે થઈ છે.મણિપુર પોલીસે જણાવ્યું હતું કે કુકી સમુદાયના ઉગ્રવાદીઓએ ગતરાતે મૈતેઈ ગામ તરફ ગોળીબાર કર્યો હતો. ઉગ્રવાદીઓએ બોમ્બ પણ ફેંક્યા હતા. આ દરમિયાન નારાયણસેનામાં CRPFની પોલીસ ચોકીની અંદર બોમ્બ પડતાં વિસ્ફોટ થયો હતો.

## રૂપાલાના વિરોધમાં બારડોલીમાં આવતીકાલે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન : પોલીસ એલર્ટ

બારડોલી તા.૨૭

રૂપાલા સામે દક્ષિણ ગુજરાતના ક્ષત્રિયોનો બારડોલીમાં સંમેલનરૂપી સત્યાગ્રહ થનાર છે. આવતીકાલે સાંજે પાંચ કલાકે રાજયસ્તરના ક્ષત્રિય આગેવાનોની હાજરીમાં દક્ષિણ ગુજરાત ક્ષત્રિય અસ્મિતા સંમેલન યોજાનાર છે.

ભાજપના રાજકોટ બેઠકના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની દીકરીઓ માટે કરેલી વિવાદાસ્પદ ટિપ્પણી મામલે લડત હવે દક્ષિણ ગુજરાત સુધી પહોંચી ગઈ છે. ગુજરાતભરના ક્ષત્રિય સમાજે રૂપાલાની ઉમેદવારી રદ કરવા વિવિધ કાર્યક્રમો આપવા છતાં ભાજપે રૂપાલાને ઉમેદવાર તરીકે યથાવત રાખતા ક્ષત્રિય સમાજની લડત હવે સીધી ભાજપ સામે બની છે. જેના ભાગરૂપે આગામી લોકસભા ચૂંટણીની રણનીતિ માટે દક્ષિણ ગુજરાતમાં પણ ક્ષત્રિય સમાજે ભાજપ સામે સત્યાગ્રહ છેડ્યો છે. વહીવટી મંજૂરી મેળવી મહાસંમેલનનું આયોજન કર્યુ છે. સાંજે ૫ વાગ્યાથી અસ્મિતા સંમેલનની શરૂઆત થશે


૪૮માં વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા....

**રૂદ્રાક્ષ ડેન્ટલ કલિનીક એન્ડ ઈમ્પ્લાન્ટ સેન્ટર**

**ડો. મલ્કેશ પાણખાણીયા**



સમય : સવારે ૧૦ થી ૧.૦૦
સાંજે ૫.૦૦ થી ૮.૦૦

હરસિધ્ધિ કૃપા, જોષીપરા, મોનાર્ક રેસીડેન્સી, ગંધારવાડી, જૂનાગઢ. મો. ૯૭૨૫૦ ૪૧૩૩૬

**ખોડલધામ ટુર**

મથુરભાઈ વાગડીયા
જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭

(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ
ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુલ, મથુરા,
પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪

(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ
વૈશ્નોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર
પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪

(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા
ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પૂષ્કર, શ્રીનાથજી
પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને

**અશોક સ્વીટમાર્ટ**

મો. નં. ૯૮૭૦૦ ૫૫૮૫૮
વણઝારી ચોક, એમ.જી. રોડ, જૂનાગઢ
તળાવ દરવાજા,
ઉષા કિરણ એપા. સામે. જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડો. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...




ગાયત્રી મસાલા
મો. ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો




સોમવા-૩૪ હવે, સિરપ માં પણ ઉપલબ્ધ

બાળકના નિરોગી ઉછેર માટે
ભાવનગરી ચોત્રીસી કડવાટ




ભરૌસો 'મા' જૈવો...

સોમવા-૩૪ એ ચોંત્રીસ કડવાટોનું એવું સંયોજન છે, જે બાળકોની નાની-નાની તકલીફો જેવી કે રાત-દિવસ રડયા કરવું, દૂધનું પાચન ન થવું, આફરો, પેટમાં ચૂંક આવવી, કૃમિનો ઉપદ્રવ, વારંવાર ઝાડા થવા, રાત્રે બરાબર ઉંઘ ન આવવી વિગેરે દૂર કરી બાળકને તંદુરસ્ત અને હૃષ્ટપુષ્ટ બનાવે છે. બાળકના નિરોગી ઉછેર માટે સોમવા-૩૪ પૂરતું છે.

કાયમ ચૂર્ણવાળા શેઠ બ્રધર્સનું ઉત્પાદન.

દરેક મેડીકલ સ્ટોર્સ તથા આયુર્વેદિક સ્ટોર્સમાં ઉપલબ્ધ


CMYK CMYK CMYK

# અદાણી જૂથ દ્વારા 'પ્લેનેટ જોઈએ કે પ્લાસ્ટિક' થીમ હેઠળ વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી

## જળસંચય, વૃક્ષારોપણ અને ગાય આધારિત ખેતી પૃથ્વીનું જતન કરશે !




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૭

અદાણી ફાઉન્ડેશનના સહયોગથી અદાણી પેટ્રોકેમ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારામુંદ્રા ખાતે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે પ્લેનેટ જોઈએ કે પ્લાસ્ટિક થીમ અંતર્ગત ખેડૂતો સાથે ખાસ પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.આ પ્રસંગે વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો સાથે બહોળી સંખ્યામાં ખેડૂત આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. પૃથ્વીને સ્વચ્છ, સ્વસ્થ અને સુંદર હરિયાળીબનાવવા લોકભાગીદારીથી કામ કરવા સૌએ સંકલ્પલીધો હતો. મુંદ્રા પેટ્રોકેમિકલ્સના સાઈટ હેડ કે.એસ. લક્ષ્મીનારાયણે જીવ સૃષ્ટિની સુરક્ષા માટે પ્લાસ્ટિકનો નહિવત ઉપયોગ અને તેના રિસાયકલ પર ભાર મુકતા જણાવ્યું કે " પૃથ્વીની તંદુરસ્તી જાળવવી એ આપણા સૌની ફરજ છે અને ખેતીલાયક જમીનને વધુ ફળદ્રુપ બનાવવા આપણે પ્રાકૃતિક ખેતીનેવધુને વધુ અપનાવવી જોઈએ. APSEZના પર્યાવરણ વિભાગના વડા ભાગવતસ્વરૂપ શર્માએપ્લાસ્ટિકનો આહાર લઈ મૃત્યુ પામતામૂંગા પશુઓની ચિંતા કરતાગમે ત્યાં પ્લાસ્ટિકનો કચરો ન ફેંકવાલોકોને અપીલ કરી હતી. વળી ધરતીને હરિયાળી બનાવવા વૃક્ષારોપણ માટે સહિયારા પુરુષાર્થ માટે આહ્વાન કર્યુ હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક નિલેષભાઈ પટેલે ગ્લોબલ વોર્મિંગ માટે કારણભૂત રસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના છંટકાવ અટકાવવા પ્રાકૃતિક ખેતીનેઅપનાવવા આપીલ કરી હતી. રૂરલ એગ્રો રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટીના ટ્રસ્ટી રજનીભાઈ પટવાએ ધરતીમાતાની ઉત્તમ સેવા માટે કિસાનોને જમીન, પાણી અને ફળઝાડને યોગ્ય રીતે વાપરવા જણાવ્યું હતું. આ પ્રસંગે ખેડૂતોએ આગવી સૂઝબૂઝથી પૃથ્વીને સુરક્ષિત રાખવા કરેલા પ્રયત્નોઅને અનુભવોને શેર કર્યા હતા.જેમાં જળસંચય માટેચેકડેમ, તળાવો, વોટર હાર્વેસ્ટીંગ માટે અનોખુ કામ કરતા દેવાંધભાઈ ગઢવીએલોકભાગીદારી અને ઈમાનદારીથી કામ કરીભાવિ પેઢી માટે સુખાકારીની વધારવાની નેમ વ્યક્ત કરી હતી. વૃક્ષારોપણ તથા વિલુપ્ત થતી ઔષધિયવનસ્પતિનાં વાવેતર અંગે ખેડૂત આગેવાન મહોબતસિંહે લોકોને માર્ગદર્શન આપ્યું હતું.ગૂગળના ૨,૫૦,૦૦૦થી વધુ વૃક્ષોના ઉછેરથી મળેલ પરિણામોતેમણેવર્ણવ્યાહતા. તો ભુજપુર મોટીના ઉપસરપંચ માણેકભાઈએ અદાણી ફાઉન્ડેશન સાથે રહીને ૧,૦૦,૦૦૦ થી વધુ વૃક્ષારોપણ અને ઉછેરની સફળ કામગીરી અંગે વાત કરી હતી. આ પ્રસંગે પ્લાસ્ટિક મુક્ત ભુજપુર બનાવવાના પંચાયતના પ્રયાસોની સફળતા પણ જણાવાઈ હતી. ગાય આધારિત ખેતી પૃથ્વીના સંરક્ષણમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. પ્રવીણભાઈ જસાણીએ ગાય આધારિત ખેતી દ્વારા પૃથ્વીનું જતન કરવાના ઉપાયોને રસપ્રદ રીતે રજૂ કર્યા હતા. જયારે ઊર્મિલભાઈ ગાલાએ ટપક સિંચાઈનું મહત્વ સમજાવતા કચ્છમાં સુગંધિત પાકોની વિપુલ શક્યતા અંગે માર્ગદર્શન આપ્યું હતું. એટલું જ નહી, તેમણે પોષણક્ષમ ભાવે તેને ખરીદી લેવા ખાતરીપણઆપી હતી. અદાણી ફાઉન્ડેશનના ગુજરાત સી.એસ.આર.હેડ પંક્તિબેન શાહે કહ્યું કે "પૃથ્વી એક જ ગ્રહ જીવસૃષ્ટિ માટે છે. તેને બચાવી જતન કરવું એ આપણાં સૌની ફરજછે. અદાણી ફાઉન્ડેશન દ્વારા વનીકરણ અને વ્યક્તિગત રીતે ખેડૂતોને જે ફળઝાડના રોપા ઉછેર માટે મદદ કરવામાં આવે છે. વિશ્વ પૃથ્વી દિવસને આંતરરાષ્ટ્રીય મધર અર્થ ડે તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉજવણીનો હેતુ લોકો પૃથ્વીનું મહત્વ સમજે અને પર્યાવરણ સંરક્ષણ કરી પૃથ્વીને બચાવવા સંકલ્પબદ્ધ બનેતેવો છે.

# ભાણવડમાં સગીરાના અપહરણ તથા દુષ્કર્મના કેસમાં આરોપીને દસ વર્ષની સખ્ત કેદ તથા દંડ : ખંભાળિયાની સ્પેશ્યલ પોક્સો કોર્ટનો ચુકાદો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૭

ભાણવડ પંથકમાં રહેતી એક પરિવારની સગીર વયની પુત્રીને ભાણવડ તાલુકાના મોટા ગુંદા ગામે રહેતો ભરત ઉર્ફે કાનો અરજણભાઈ નાથાભાઈ ભટ્ટી નામનો ૨૪ વર્ષનો શખ્સ ગત તારીખ ૧૨ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ રાત્રિના સમયે મોટરસાયકલ નંબર જી.જે. ૩૭ ડી. ૮૬૬૯ માં બેસાડીને બદકામ કરવાના ઈરાદાથી આ સગીરાને લલચાવી ફોસલાવીને લગ્ન કરવાની લાલચ આપી, અપહરણ કરીને લઈ ગયો હતો. ઉપરોક્ત સગીરાને મોટરસાયકલ મારફતે અપહરણ કરીને લઈ ગયા બાદ ગીર સોમનાથ જિલ્લાના ઉના ખાતેની એક કંપનીમાં લઈ જઈ અને ત્યારબાદ ડેસર ગામે આરોપી ભારતે સગીરાને પોતાની પત્ની તરીકે સાથે રાખીને અવારનવાર શરીર સંબંધ બાંધી, દુષ્કર્મ આચર્યું હતું. આનાથી સગીરા ગર્ભવતી બની ગઈ હતી અને તેણે એક બાળકને જન્મ આપ્યો હતો. આ સમગ્ર પ્રકરણ અંગે સગીરાના પરિવારજન દ્વારા ઉપરોક્ત આરોપી સામે ગત તારીખ ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ ભાણવડ પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવી હતી. જેને અનુલક્ષીને પોલીસે આરોપી સામે આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, પોક્સો એક્ટ વિગેરે હેઠળ ગુનો નોંધી, આ પ્રકરણમાં તપાસનીસ અધિકારી જી.આર. ગઢવીએ ભોગ બનનાર સગીરાની મેડિકલ તપાસણી સહિતના પુરાવાઓ એકત્ર કરી અને આ અંગેનું ચાર્જશીટ ખંભાળિયાની એડિશનલ સેશન્સ કોર્ટના જજ શ્રી વી.પી. અગ્રવાલ સમક્ષ રજૂ કર્યું હતું. આ અંગેનો કેસ ચાલી જતા જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ આધાર પુરાવાઓ તેમજ મેડિકલ ઓફિસર, ફરિયાદી અને ભોગ બનનારની જુબાની, વિગેરેને ધ્યાને લઈ અને નામદાર અદાલતે આરોપીને પોક્સો તેમજ દુષ્કર્મના કેસમાં તકસીરવાન ઠેરવી, ૧૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આટલું જ નહીં, ભોગ બનનારના સામાજિક, આર્થિક અને માનસિક પુનર્વસનના હેતુથી વિટનેસ કમ્પન્સેશન સ્કીમ હેઠળ રૂપિયા એક લાખનું વળતર ચૂકવવા માટે પણ હુકમ કર્યો છે.

# ભાણવડના ગ્રામ્ય વિસ્તારમાં મોડી રાત્રે ઘરફોડ ચોરી પોણા ચાર લાખની રોકડ રકમ ઉસેડી જતા તસ્કરો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ભાણવડ નજીક આવેલા સઈ દેવરીયા ગામે મોડી રાત્રીના સમયે કોઈ અજાણ્યા તસ્કરોએ ખાતર પાડી, એક આસામીના રહેણાંક મકાનના કબાટમાં રાખવામાં આવેલા રૂપિયા ૩.૮૦ લાખની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ ચોરી કરીને લઈ ગયા હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ભાણવડથી આશરે ૧૦ કિલોમીટર દૂર સઈ દેવરીયા ગામના વાડી વિસ્તારમાં રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા હિતેશભાઈ ભોજાભાઈ ગાજણોતર નામના ૪૧ વર્ષના સગર યુવાનના રહેણાંક મકાનમાં શુક્રવારે રાત્રિના આશરે દોઢેક વાગ્યાના સમયે કોઈ તસ્કરોએ અનધિકૃત રીતે પ્રવેશ કરી અને રૂમના દરવાજાના નકુચા કોઈ તિક્ષ્ણ હથિયાર વળે તોડી નાખ્યા હતા. ત્યાર બાદ આ મકાનમાં રહેલો ઘરવખરીનો સામાન વેરવિખેર કરી અને રૂમમાં રહેલા એક પતરાના કબાટના ખાનામાં ગોદડા નીચે છુપાવીને રાખવામાં આવેલી જુદા જુદા દરની રૂા.૩.૮૦ લાખની ચલણી નોટો ચોરી કરીને લઈ ગયા હતા. આટલું જ નહીં, અહીં રહેલા કેટલાક મહત્વના કાગળો પણ આ તસ્કરો લઈ ગયા હોવાનું પણ વધુમાં જાહેર થયું છે. આ અંગે ભાણવડ પોલીસે સગર હિતેશભાઈ ગાજણોતરની ફરિયાદ ઉપરથી અજાણ્યા તસ્કરો સામે આઈ.પી.સી. કલમ ૩૮૦ તથા ૪૫૭ મુજબ ગુનો નોંધ્યો છે. આ બનાવ બાદ અહીંના ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ તેમજ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયા હતા. આ ચોરી પ્રકરણમાં કોઈ જાણભેદુઓ પણ સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ આદરી છે. ભાણવડના પી.એસ.આઈ. એમ.આર. સવસેટા દ્વારા તસ્કરોને ઝડપી લેવા માટે વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## દ્વારકામાં SVEEP અંતર્ગત ફાસ્ટ વોક કાર્યક્રમ રબારી ગેઈટથી કીર્તિ સ્થંભ સુધી યોજાયો




(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૨૭ : ગઈકાલે સવારે ૭ કલાકે દ્વારકામાં SVEEP અંતર્ગત રબારી ગેઈટથી કીર્તિ સ્થંભ સુધી વિશાળ સંખ્યામાં શિક્ષકો દ્વારકા સહ કુટુંબ મતદાન લોકશાહીનો મહાપર્વ ઉજવવા જનજાગૃતિ માટે ફાસ્ટ વોક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દ્વારકા પંથકના શિક્ષકોએ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં.

# ખંભાળિયામાં સેવાભાવી નગરજનોની પ્રેરણારૂપ સેવા પ્રવૃત્તિ

## બગીચામાં વોકિંગ કરતા લોકોએ ૧૦૧ બોટલ રક્ત એકત્ર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી સરકારી સિવિલ હોસ્પિટલમાં અનેક દર્દીઓને થેલેસેમિયા માટે તેમજ અકસ્માત સહિતના કેસમાં રક્તની જરૂરિયાત બની રહે છે. ત્યારે આ મહત્વની સિવિલ હોસ્પિટલમાં અવારનવાર લોહીની બોટલનો સ્ટોક તળિયા ઝાટક થઈ જાય છે. આ પરિસ્થિતિમાં દર્દીઓને હાલાકી ન થાય તે માટેના ઉમદા હેતુથી શહેરની મધ્યમાં આવેલા મ્યુનિસિપલ ગાર્ડનમાં વોકિંગ કરતા લોકોએ અનેરો વિચાર રજૂ કરી અને આ જ સ્થળે રક્તદાન કેમ્પ યોજી અને લોકોને રક્તદાન માટે આહવાન કર્યું હતું. આ પ્રેરણારૂપ પ્રવૃત્તિમાં સોશિયલ મીડિયા મારફતે વધુ ઉત્સાહમાં આવી ગયેલા લોકોએ રક્તદાન સ્થળે જઈ અને સ્વૈચ્છિક રીતે હોંશભેર રક્તદાન કર્યું હતું. ગાર્ડન ફ્રેન્ડ્સ ગ્રુપ દ્વારા અહીં વોકિંગ કરતા કરવા આવતા સદગૃહસ્થો ઉપરાંત મિત્ર વર્તુળ દ્વારા રક્તદાન કરી અને અહીં ૧૦૧ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. જે અહીંની બ્લડ બેન્કને અર્પણ કરવામાં આવ્યું હતું. આ આયોજન દરમ્યાન ગાર્ડન ફ્રેન્ડ્સ ગ્રુપ દ્વારા ચા-નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર આયોજન આવકારદાયક બની રહ્યું હતું.

# તેલંગાણામાં ધો. ૧૧-૧૨ના પરિણામ પછી ૭ વિદ્યાર્થીની આત્મહત્યા

હૈદરાબાદ, તા.૨૭

તેલંગાણામાં ધોરણ ૧૧ અને ૧૨ની પરીક્ષાના પરિણામ પછી બે વિદ્યાર્થીની સહિત કુલ સાત લોકોએ આત્મહત્યા કરી છે. ઈન્ટરમીડિયેટ પબ્લિક એક્ઝામિનેશન ૨૦૨૪ના પ્રથમ (ધોરણ ૧૧ સમકક્ષ) અને બીજા (ધોરણ ૧૨ સમકક્ષ) વર્ષના પરિણામ પછી છેલ્લા ૪૮ કલાકમાં સાત વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર પરીક્ષામાં નાપાસ થયેલી બે વિદ્યાર્થીનીએ જીવન ટુંકાવ્યું હતું. પહેલો કેસ માંચેરિયલ જિલ્લામાં નોંધાયો હતો. જ્યાં ૧૬ વર્ષના યુવકે પોતાના ઘરમાં ગળે ફાંસો ખાધો હતો. તે ચાર વિષયમાં નાપાસ થયો હતો. આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓ ૧૬-૧૭ વર્ષના હતા. પોલીસે કહ્યું હતું કે, વિદ્યાર્થીઓએ ગળે ફાંસો ખાઇ, કૂવામાં પડીને તેમજ તળાવમાં ડૂબીને આત્મહત્યા કરી હતી. ચાલુ વર્ષે ૯.૮ લાખથી વધુ વિદ્યાર્થીએ ઈન્ટરમીડિયેટ પરીક્ષા આપી હતી. પ્રથમ વર્ષ (ધોરણ ૧૧ સમકક્ષ)માં ૬૧.૦૬ ટકા (૨.૮૭ લાખ) અને બીજા વર્ષમાં ૬૯.૪૬ ટકા (૩.૨૨ લાખ) વિદ્યાર્થી પાસ થયા હતા. દેશમાં વિદ્યાર્થીઓ દ્વારા કરાતી આત્મહત્યામાં તેલંગાણાનો હિસ્સો પાંચ ટકા છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરોના ડેટા મુજબ આત્મહત્યામાં તે ૨૮ રાજ્યમાં ૧૧મા ક્રમે છે. મહારાષ્ટ્ર, તમિલનાડુ અને મધ્યપ્રદેશ વિદ્યાર્થીઓની આત્મહત્યામાં ટોપ-૩ની યાદીમાં સામેલ છે. મહત્વની વાત એ છે કે, તેલંગાણામાં ચાલુ વર્ષે JEE મેઈન એક્ઝામમાં ટોપ સ્કોરર્સની સંખ્યા સૌથી વધુ રહી હોવા છતાં આત્મહત્યાની ઘટનાઓ બની છે. દેશભરમાં ૧૦૦ પરસન્ટાઈલ મેળવનારા ૫૬ વિદ્યાર્થીમાં ૧૫ તેલંગાણાના હતા. છેલ્લા ત્રણ વર્ષમાં JEE મેઈન્સમાં મોખરાનું સ્થાન મેળવનારા (ટોપર્સ) વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ હતી. ફેબ્રુઆરી-માર્ચમાં યોજાયેલી ઈન્ટરમીડિયેટ પરીક્ષાના પરિણામ ગયા વર્ષની તુલનામાં બે સપ્તાહ પહેલાં જાહેર થયું હતું. નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પરીક્ષા ૨૪મેથી શરૂ થશે. અગાઉના વર્ષોની જેમ વિદ્યાર્થીઓના પરીક્ષાનો તણાવ હળવો કરવા તમામ જુનિયર કોલેજોમાં કાઉન્સેલર્સની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## સંત શિરોમણી સદગુરૂ દેવ શ્રી પ્રેમભિક્ષુજી મહારાજની ૫૪મી પુણ્યતિથિ ઉત્સવ ઉજવાશે




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૭

દ્વારકામાં આગામી ચૈત્ર વદ પાંચમ તારીખ ૨૯-૪-૨૦૨૪ સોમવારના રોજ સંત શિરોમણી કરૂણા અવતાર સદગુરૂ શ્રી પ્રેમ ભિક્ષુજી મહારાજની ૫૪મી પુણ્યતિથિ ઉત્સવ અખંડ હરિનામ સંકીર્તન મંદિર રામધૂન દ્વારા ઉજવવામાં આવશે જેમાં સવારે ૮:૩૦ વાગ્યે સમુદ્ર પૂજન, ૧૦:૩૦ વાગ્યે અભિષેક પૂજન, બપોરે ૧૨ વાગ્યે ઉત્સવ આરતી, બપોરે ૧૨:૩૦ વાગ્યે શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ બ્રહ્મપુરી નંબર-૧માં મહાપ્રસાદ તેમજ સાંજે ૬:૩૦ વાગ્યે નગર કીર્તનનું આયોજન કરવામાં આવ્યું છે. દ્વારકાની ધર્મપ્રેમી જનતાને આ ઉત્સવનો લાભ લેવાનુ ભાવ ભરેલું આમંત્રણ અખંડ સંકીર્તન મંદિર રામધૂનના ટ્રસ્ટીઓ દ્વારા આપવામાં આવ્યું છે.

## તા.૨૯ એપ્રિલને સોમવારથી ચૈત્ર દનૈયા પ્રારંભ થશે

ચૈત્ર વદ પાંચમને સોમવાર તા.૨૯-૪-૨૪થી ચૈત્ર દનૈયાનો પ્રારંભ થશે. જે ચૈત્ર વદ તેરશને સોમવાર તા.૬-૫-૨૪ સુધી ચાલશે. ચૈત્ર દનૈયા આઠ દિવસ ચાલે છે. ચૈત્ર દનૈયાનો ઉપયોગ ચોમાસાના વરસાદના વર્તારામાં કરવામાં આવે છે. આ એક પૌરાણીક આગાહીની પધ્ધતી છે. આ દિવસો દરમ્યાન જેટલું આકાશ ચોખ્ખુ રહે અને જેટલી વધારે ગરમી પડે તેટલો વરસાદ સારો પડે છે અને માવઠું થાય વાદળછાયુ વાતાવરણ જે પ્રદેશમાં રહે તે પ્રદેશમાં વરસાદ ઓછો થાય છે. ચોમાસાના ચાર મહિના હોય છે આમ ચૈત્રી દનૈયાના આઠ દિવસ એટલે કે એક દનૈયાના ૧૫ દિવસ. આમ જે દનૈયુ વધારે ગરમી રહે તે દિવસોમાં ચોમાસામાં વરસાદ સારો પડે છે એમ મનાય છે.

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્રી નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

જૂનાગઢમાં ફલેટ વેંચવાનો છે
જૂનાગઢમાં આવેલ શીતલાકુંડ પાસે વેલકમ સ્કુલની બાજુમાં 3 BHK ફુલ ફર્નીચર સાથે ફલેટ વેંચવાનો છે. ઉચ્ચ જ્ઞાતિ માટે
દિનેશભાઈ બુધ્ધદેવ
કોન્ટેક નં. ૯૮૭૯૬ ૨૭૬૦૫

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીત આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# જૂનાગઢમાં નવા નાગરવાડા શેરી નં.૪માં આવેલ બિલ્ડીંગની હાલત અત્યંત જર્જરીત, ગમે ત્યારે તુટી પડવાનો ભય

## વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર હિતેશભાઈ ઉદાણી દ્વારા જર્જરીત બિલ્ડીંગને તત્કાલ ઉતારી નવી બનાવવાની માંગણી સાથે મનપા તંત્રને રજૂઆત કરી










જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ શહેરમાં નવા નાગરવાડા શેરી નં.૪માં આવેલા જર્જરીત બિલ્ડીંગને તાત્કાલીક અસરથી ઉતારી લેવા અને નવીની કરણ કરવાની માંગણી સાથે વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર હિતેશ ઉદાણીએ તંત્રને રજૂઆત કરી છે. છેલ્લા ૪ વર્ષથી રજૂઆત કરવા છતાં હજુ સુધી તંત્રએ કોઈ કાર્યવાહી કરી નથી તેમ જાણવા મળે છે.

ચોમાસુ નજીક આવી રહ્યું છે ત્યારે તાજેતરમાં મનપા તંત્ર દ્વારા જાહેર જનતા માટે એક નોટીસ જારી કરવામાં આવી હતી અને લોકોને જાણ કરવામાં આવી હતી કે, જૂનાગઢ શહેરમાં આવેલા જર્જરીત બિલ્ડીંગોને કાતો રીપેર કરાવો અથવા તો તેને ઉતારી લેવા જણાવ્યું હતું અને જો સમય મર્યાદામાં કામગીરી નહીં કરવામાં આવે તો પગલા ભરવામાં આવશે તેવી મનપા તંત્રએ નોટીસ આપી હતી. તો બીજી તરફ ખુદ મનપા તંત્રને છેલ્લા ૪ વર્ષથી વારંવાર કહેવા છતાં જૂનાગઢ શહેરના નવા નાગરવાડા વિસ્તારમાં આવેલા એક જર્જરીત બિલ્ડીંગ જે ગમેત્યારે પડી શકે તેમ છે. તે બાબતે કોઈ કાર્યવાહી આજ દિવસ સુધી થઈ ન હોવાની ફરીયાદ ઉઠવા પામી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર હિતેશભાઈ ઉદાણીએ એક યાદીમાં જણાવેલ છે કે, નવા નાગરવાડા શેરી નં.૪માં રાંદલનો કુવો આવેલો છે અને ત્યાંથી મનપા દ્વારા નવાનાગરવાડા, વણઝારી ચોક, તળાવ દરવાજા અને થોડોક માંગનાથ વિસ્તારને પાણી પુરૂ પાડવામાં આવે છે. ઉનાળામાં મે માસમાં પાણી ડુકી જતું હોય છે પરંતુ આ વર્ષે માર્ચ માસમાં પાણી ડુકી ગયું છે. અહીં એક મોટર દ્વારા જ પાણી સપ્લાય થતું હોય અને જુની મોટરથી અપુરતા ફોર્સથી પાણી આવતું હોય જેથી બીજી નવી મોટર મુકવાની માંગણી કરવામાં આવી હતી. કારણ કે,જુની મોટરથી પાણી પુરૂ પાડતા ચાર-પાંચ દિવસે અપુરતા ફોર્સથી પાણી થોડુઘણું આવતું હોય જેને લઈને લોકોમાંથી પણ ફરીયાદ ઉઠી હતી અને આ બાબતે રજૂઆત કર્યાબાદ બીજી મોટર નહી મુકવામાં આવે તો ઉપવાસ ઉપર બેસવાની ચિમકી આપી હતી પરંત ગત બુધવારે નવી મોટર આવી ગઈ છે અને જેને ચાલુ કરી દેવાથી લોકોને પાણીની મુશ્કેલી નહીં રહે તેમ હિતેશભાઈ ઉદાણીએ જણાવેલ છે, વિશેષમાં રાંદલનો કુવો જયાં આવેલો છે ત્યાંના બિલ્ડીંગની હાલત ખુબજ ખરાબ છે અને છેલ્લા ૪ વર્ષથી આ બિલ્ડીંગના સમારકામ અથવાતો તેને ઉતારી લેવા માટે જવાબદાર અધિકારીને રજૂઆત કરવામાં આવી છે પરંતુ કોઈ કાર્યવાહી થઈ નથી અને છેલ્લા ૨ વર્ષથી તો આ બિલ્ડીંગની હાલત ખુબજ ખરાબ છે તેવા સંજોગોમાં કોઈ કર્મચારી રીપેરીંગની કામગીરી કરતો હોય અને તે વખતે કોઈ અકર્માત સર્જાઈ અથવા તો બિલ્ડીંગનો કોઈ ભાગ પડે તો આ દુર્ઘટના માટે કોણ જવાબદાર રહેશે તેવો સવાલ પણ ઉઠાવ્યો છે મનપા પાસે રીપેરીંગના પૈસા નથી તેવો પણ સવાલ ઉઠાવેલ છે. રાંદલના કુવા ખાતેથી જુદા જુદા વિસ્તારને પાણી પુરૂ પાડવામાં આવે છે ત્યારે વહેલી તકે અહીંનું આ જર્જરીત બિલ્ડીંગ તાત્કાલીક કાંતો ઉતારી લેવું જોઈ અને નવેસરથી બનાવી લેવાની માંગણી કરવામાં આવી છે. આ તકે વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર હિતેશભાઈ ઉદાણીએ આ જર્જરીત બિલ્ડીંગ ખાતે કોઈ અકસ્માતની ઘટના બને તે પહેલા ઉતારી લેવાની માંગણી કરી છે.

# અંગ્રેજી વિષયમાં પી.એચ.ડી.નો અભ્યાસ કરનાર છાત્રોનું બી.કે.એન.એમ. યુનિવર્સિટી ખાતે ગ્રુપ ડિસ્કશન યોજાયું

### પી.એચ.ડી. કરનાર યુવાનોને યુનિવર્સિટીના કુલપતિ ડો. ચેતન ત્રિવેદી ઉજ્જ્વળ કારકિર્દીની આપી શુભકામના



જૂનાગઢ, તા.૨૭

વિનયનશાખામાં અભ્યાસરત પૂનમબેન મુછડીયા અને જયભાઈ જીવાણીએ અંગ્રેજી વિષય પર પી.એચ.ડી. કરી રહ્યા છે. ત્યારે તેમનો વાયવા જૂનાગઢ ખાતે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવન ખાતે તજજ્ઞોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ ગ્રુપ ડિસ્કશન વેળાએ દક્ષિણ ગુજરાતની વીર નર્મદ યુનિવર્સિટીના ડો. સુનિલ શાહ અને ગુજરાત યુનિવર્સિટીના ડો. દુષ્યંત નિમાવત વર્ચ્યુઅલી ઉપસ્થિત રહી પ્રશ્નોત્તરીમાં સહભાગી બન્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ડો. ઓમ જોશીના માર્ગદર્શન તળે અંગ્રેજી વિષયમાં સંશોધન કરનાર પુનમબેન મુછડીયા અને પોરબંદર મહિલા ગુરુકુળ કોલેજના આચાર્ય ડો. અનુપમના માર્ગદર્શન તળે સંશોધન કરનાર જીવાણી જયભાઈએ સંશોધન પત્ર તૈયાર કર્યું છે. ત્યારે તેમના સંશોધન પત્ર પર યોજાયેલ વાઈવામાં પ્રશ્નોત્તરી દરમિયાન યુનિવર્સિટીના કુલપતિ ડો. ચેતનભાઈ ત્રિવેદીએ વિશેષ ઉપસ્થિત રહી પી.એચ.ડી. કરનાર વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય ની શુભકામના વ્યક્ત કરી હતી. આ તકે ડો. ફિરોઝ શેખ અને ડો. રૂપાબેન ડાંગર તેમજ અધ્યાપક ગણ પ્રશ્નોત્તરી વેળાએ વાર્તાલાપમાં સહભાગી થયા હતા.

# જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટના કિલ્લાની પ્રાચીરથી અચૂક મતદાનનો સંદેશ

## ૬૨ એકરમાં પથરાયેલા કિલ્લામાં સાયકલ ચલાવી સાયકલીસ્ટોએ તા.૭મી મેએ અવશ્ય મતદાન કરવા લીધા શપથ







જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટના કિલ્લાની પ્રાચીરથી અચૂક મતદાનનો આગવી રીતે સંદેશ આપાયો છે, ૬૨ એકરમાં પથરાયેલા ઉપરકોટના વિશાળ કિલ્લામાં વહેલી સવારે સાયકલ સવારોએ સાયકલ ચલાવી તા.૭મી મે એ અચૂક મતદાન માટે સંદેશ આપ્યો છે. આ સાયકલ રેલીમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપરાંત સિનિયર સિટીઝન, ફર્સ્ટ ટાઈમ વોટર સહિતના સાયકલીસ્ટો જોડાયા હતા. જિલ્લા વહીવટી તંત્ર અને સાયકલ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ સાયકલ રેલીમાં ૫૦થી વધુ સાયકલીસ્ટો જોડાયા હતા. આ તકે સાયકલિસ્ટોએ નિર્ભયતાપૂર્વક, ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનોથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવા માટે શપથ લીધા હતા. ઉપરાંત સાઈકલ સવારો મતદાન જાગૃતિ અર્થેના સિગ્નેચર કેમ્પેઈનમાં પણ જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ અર્થે રચનાત્મક પ્રયાસો હાથ ધરાયા છે, તેના જ ભાગરૂપે આ સાયકલ રેલીનું આયોજન કરાયું હતું. તેમજ સઘન મતદાન જાગૃતિ ઝુંબેશ માટે ૧૫ દિવસ માટેનું વિશેષ આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે.



મદદનીશ ચૂંટણી અને પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે જણાવ્યું કે, લોકસભા સામાન્ય ચૂંટણી માટે તા.૭મી મે એ મતદાન થવાનું છે. ત્યારે મતદારો અવશ્ય મતદાન કરે તે માટે જિલ્લા વહીવટી તંત્ર અને સાઈકલ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આગવી રીતે મતદાન જાગૃતિ માટે આ સાયકલ રેલી યોજવામાં આવી હતી. જેમાં ઉત્સાહભેર સાઈકલીસ્ટો જોડાયા હતા. સાયકલ એસોસિયેશનના પ્રમુખ કલ્પેશ સાખલાએ જણાવ્યું કે, આ સાયકલ રાઈડના માધ્યમથી લોકસભા સામાન્ય ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તેવા સુભાશય સાથે સાયકલ રેલી યોજવામાં આવી હતી. ત્યારે સિનિયર સિટીઝન, ફર્સ્ટ ટાઈમ વોટર સહિત દરેક મતદાતા મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના મહાપર્વની ઉજવણી કરે. આ સાયકલ રેલીમાં મહાનગરપાલિકાના નાયબ કમિશનર અજય ઝાપડા, જિલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરે, પોલીસ તાલીમ મહાવિદ્યાલયના આચાર્ય સહિત સાઈકલ સવારો જોડાયા હતા.

### 'બોટથી વોટ'નો સંદેશો આપતું જીલ્લા ચૂંટણી તંત્ર

# ગીર સોમનાથ જીલ્લામાં સ્થળથી જળ સુધી મતદાર જાગૃતિ અભિયાન યોજાયું

### સાગરખેડૂઓને સાગરમાંથી અવશ્ય મતદાન કરવાનો સંદેશ





ગીર સોમનાથ, તા.૨૭

ગીર સોમનાથ જિલ્લો વિશાળ સમુદ્ર કિનારો ધરાવે છે. આ વિશાળ જળરાશિના કિનારે વસેલા સાગરખેડૂઓ વર્ષમાં મોટાભાગે તેમની આર્થિક પ્રવૃત્તિઓના ભાગરૂપે માછીમારી માટે સમુદ્રમાં જ રહેતાં હોય છે. આ સાગરખેડૂઓ લોકશાહીના મહાપર્વ એવા ચૂંટણીમાં સહભાગી બને અને તેઓ મતદાન માટે પ્રેરિત થાય તે માટે આજે સમગ્ર જિલ્લા ચૂંટણી તંત્ર સમુદ્રની લહેરાતી શીતલહેરો વચ્ચે સવારના ભાગે તેમની બોટ સુધી પહોંચી અને 'બોટથી વોટ'ના મંત્ર સાથે મતદાન જાગૃતિનો સંદેશો આપ્યો હતો.

જૂનાગઢ લોકસભા મતવિસ્તારના જનરલ નિરીક્ષક મોહંમદ ઝુબેર અલી હાશમી, પોલીસ નિરીક્ષક નાઝનીન ભસીન, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાના નેતૃત્વમાં સમગ્ર જિલ્લા ચૂંટણી તંત્ર સમુદ્રમાં સાગરખેડૂઓ વચ્ચે પહોંચ્યું હતું. ભારતીય તટરક્ષક દળના જોમ અને જિલ્લા વહીવટી તંત્રના મતદાર જાગૃતિના જુસ્સા વચ્ચે વેરાવળ બંદર ખાતે એકબાજુ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતજાગૃતિના સંદેશ અને શપથ અને બીજીબાજુ એકકતારમાં ઉભેલી માછીમારોની હોડીઓમાંથી ઉઠતા 'ભારત માતા કી જય'ના જયઘોષ વચ્ચે સમગ્ર વાતાવરણમાં મતદાન જાગૃતિના સંદેશા વચ્ચે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવના બળવત્તર થઈને નીખરી ઉઠી હતી.



સમુદ્રમાંથી તિરંગો લહેરાવી અને બેનર્સ દ્વારા 'મતદાન અવશ્ય કરીએ' નો સંદેશ આપવા સાથે સમુદ્રમાંથી મતદાર જાગૃતિની લહેર ઉઠી હતી. જે આગામી સ્વર્ણિમ અને ઉજ્જ્વળ ભવિષ્યના ભારતની અગમવાણી સમી લાગી રહી હતી. વેરાવળ કોસ્ટગાર્ડની જેટી પર યોજાયેલા આ મતદાર જાગૃતિ કાર્યક્રમમાં ખલાસી ભાઈઓ અને માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલ લોકો જોડાયા હતાં અને સમુદ્રમાં બોટને કતારબદ્ધ ગોઠવી અને સમુદ્રમાંથી જ તિરંગા લહેરાવી અને બેનર્સ દ્વારા 'મતદાન અવશ્ય કરીએ' નો સંદેશો જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આપવામાં આવ્યો હતો.

ખારવા સમાજના અગ્રણીઓએ પણ આ અભિયાનમાં સહભાગી થતાં માછીમારોને અવશ્ય મતદાન કરવા અનુરોધ કર્યો હતો અને માછીમારીના વ્યવસાય સાથે જોડાયેલ લોકો તેમજ ખલાસીઓ મતદાન કરવાથી વંચિત ન રહી મોટાપાયે મતદાન કરવા માટે જોડાશે તેની ખાતરી આપી હતી. વેરાવળ જેટી પર યોજાયેલા આ મતદાર જાગૃતિના કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર શ્રી રાજેશ આલ, પ્રાંત અધિકારી શ્રી વિનોદ જોશી, ખારવા સમાજના અગ્રણીઓ શ્રી લખમભાઈ ભેંસલા, તુલસીભાઈ ગોહેલ સહિત સામાજિક અગ્રણીઓ, આગેવાનો અને મોટી સંખ્યામાં માછીમાર ભાઈઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### સૌરાષ્ટ્રમાં મીની તિરૂપતીથી પ્રખ્યાત

# ખોરાસાના વ્યંકટેશ મંદિરમાં બ્રહ્મોત્સવની ભવ્ય ઉજવણી થશે




મેંદરડા, તા.૨૭

શ્રીમદ વિષ્ણુ પુરાણ આદિ શાસ્ત્રોથીએ સિધ્ધ છે કે આ કાઠીયાવાડનો અથવા સૌરાષ્ટ્રનો પ્રદેશ શ્રી કૃષ્ણચંદ્ર પરમાત્માને અત્યંત પ્યારો હતો અને હજી પણ છે તેમાં રેવતાચલ પર્વતની તળેટીમાં આવેલું જૂનાગઢ શહેર એજ પરમ બ્રહ્મશ્રી કૃષ્ણ ભગવાનના પરમ ભકત નરસિંહ મહેતાના વાસ સ્થાન તરીકે પ્રસિધ્ધ છે. શ્રી દ્વારકાધીશના જગવિખ્યાત મંદિરની ગણના ચારધામ સાતપુરીમાં થાય છે. આવા જૂનાગથી પશ્ચિમ દિશામાં વંથલી તાલુકામાં આવેલ ખોરાસા ગામ તેની મુખ્ય વસ્તી આહીર લોકોની છે. બાકી ઈતર વર્ગ આ ગામની પ્રાચીનતા વીશે એક અનુમાન એવું છે કે તેની સ્થાપના પંદરમાં સૈકા પછીથી થઈ હશે. આ વાતને ઐતિહાસીક કથા ટેકો આપે છે. શ્રી દ્વારકાધીશનાં પરમભકત એવા પર્વતદાસ મહેતાની કથા, પર્વત મહેતા જ નરસિંહ મહેતાના કાકા થાય છે. એક વખત જૂનાગઢથી માંગરોળ થઈ દ્વારકા જવા બંને ભકતો (કાકા-ભત્રીજો) નીકળ્યા. ભજન, કિર્તન, રાધે ગોવિંદની ધુન ગાતા-ગાતા રાત પડી ગઈ અરણ્ય જેવા વિસ્તાર આપણે ભુલા પડયા છીએ તેવો ભય પર્વત મહેતાને થયો. તેમણે નરસૈયાને જાણ કરી પરંતુ પ્રભુ ભકિતમાં તલ્લીન અપાર વિશ્વાસ રાખી ભજન કરતા કરતા થોડે દુર પહોંચ્યા ત્યાં આહિર લોકોનો નાનો નેસ કે આ લોકો પશુપાલક, ઢોર ઢાંખર પાળે, દુધ -દહીં, માખણ, ઘી વેંચે એટલે 'ગોરસ' જેવા શબ્દનો આયભ્રંશ થઈ નામ ખોરાસા પડયું હશે. તેનું બીજુ નામ ખરારિપુર પણ છે. ત્યાં જઈ રાત્રી રોકાણ કરેલ અને તે જગ્યા અને પવિત્ર સ્થળ જયાં સુપ્રસિધ્ધ શ્રી વ્યંકટેશ ભગવાન જે દક્ષિણમાં આવેલ ભગવાનની બાલાજીની પ્રતિ કૃતિ રૂપ સમાનુજ સંપ્રદાયનું મંદિર જે સૌરાષ્ટ્રનું મીની તિરૂપતી તરીકે પ્રખ્યાત છે. અહીં દક્ષિણની સંસ્કૃતિ, કલાકૃતિનાં દર્શન થાય છે. આ પવિત્ર સ્થળે યુર્વાચાર્યોએ મંદિરનું નિર્માણ કરેલ છે. આચાર્ય પરંપરા અને વિદ્વાનોનો આ સાંપ્રદાય છે. પ્રવર્તમાન ગાદીપતિ અનંત વિભુષિત સ્વામિ શ્રી શ્યામનારાયણાચાર્ય મહારાજ બિરાજે છે. જેની નિશ્રામાં અખિલ કોટી બ્રહ્માંડ નાયક વ્યંકટેશ ભગવાન (બાલાજી)ના બ્રહમોત્સવ પ્રતિવર્ષની પરંપરા મુજબ સં. ૨૦૮૦ ના ચૈત્રવદી (છઠ) મંગળવાર તા. ૩૦-૪-૨૦૨૪ થી ધ્વજારોહણ અંકુશરોપણથી શરૂ કરી ચૈત્રવદી ૧૨ (બારસ) રવિવાર તા.૫/૫/૨૦૨૪ સુધી છ દિવસનો ઉત્સવ તેમજ મેળો ભરાઈ છે. જે દિવસોમાં ભગવાનની પાલખી જુદા જુદા વાહનો જેવા કે ચંદ્રવાહન, શેષવાહન, ગરૂડમાં નિકળે છે. એકાદશીના સાંજે ચાર વાગ્યે જુની કલાકૃતિનો અજોડ નયનરમ્ય રથ કે જે મહાભારત કાળમાં અર્જુનનાં રથ જેવો જ ઈતિહાસ કાળની સ્મૃતિ તાજી કરાવે છે. જેમાં બેસી ભગવાન બગીચામાં પરિભ્રમણ કરે છે. ભાવિકોના ભકિતપુર્વકના ખેંચાણથી રથ ચાલે છે. દ્વાદશીના રોજ બ્રહ્મોત્સવની પુર્ણાહુતિ થાય છે. લાખો અનુયાયી ધરાવતા આ મંદિર બ્રહ્મોત્સવ ઉજવે છે. ભગવાનની શ્રી મુર્તિ અજોડ કાળા પથ્થરમાંથી બનાવેલ છે. જેના પર વેદોકત મંત્રના ધ્યનિ દ્વારા પુજા અર્ચના નિત્ય થાય છે. આ માટે દક્ષિણી વિદ્વાન પુજારી બ્રાહ્મણો રોકવામાં આવેલા છે. વિશાળ જગ્યામાં રહેવાની ભોજનની વ્યવસ્થાઓ છે. દરરોજ સાધુ- બ્રાહ્મણો, યાંત્રિકો-ભિક્ષુકો પ્રસાદનો લાભ લ્યે છે. સમીતીના સભ્યો તન, મન, ધનથી સહકાર આપે છે. સમસ્ત ગામના અબાલવૃધ્ધ સહિત રાત-દિવસ જોયા વગર પ્રભુકાર્ય માટે તત્પર રહે છે. અહીં આવવા-જવા માટે જુનાગઢથી દર કલાકે જુનાગઢ- વંથલી-મેંદરડા વાળી બસ મળે છે. રાત્રીના ૯ વાગ્યા સુધી, રેલ્વે માટે વેરાવળ જતી ટ્રેન લુશાળા રેલ્વે સ્ટેશને રોકાય છે જયાંથી ખોરાસા ત્રણ કી.મી. થાય છે.

**સંકલન : નરેશ પુરોહિત (મેંદરડા)**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ચૂંટણી ફંડની નવી વ્યવસ્થા લાવવી જરૂરી

એ સારૂ થયું કે નાણાં મંત્રી નિર્મલા સીતારમણે એ સ્પષ્ટ કર્યું કે તમામ પક્ષો સાથે વાત કરીને ચૂંટણી ફંડની કોઈ નવી વ્યવસ્થા લાવવામાં આવશે. એ જરૂરી જ નહીં, અનિવાર્ય પણ છે, કારણ કે જો ફંડની કોઈ નવી વ્યવસ્થા નહીં બનાવવામાં આવે કે પછી ચૂંટણી બોન્ડની જૂની યોજનામાં ઈચ્છિત પરિવર્તન કરીને તેને એક નવા રૂપે નહીં લાવવામાં આવે તો દેશની રાજનીતિ ફરીથી કાળા નાણાંથી સંચાલિત થવા લાગશે. મુશ્કેલી એ છે કે ના તો કોઈ એ જણાવી રહ્યું છે કે શું ચૂંટણી બોન્ડની ખતમ કરવામાં આવેલી યોજનામાં થોડા બદલાવ કરીને તેને પારદર્શી બનાવી શકાય છે અને ના એ જણાવી રહ્યું છે કે ફંડની નવી પારદર્શી વ્યવસ્થા કેવી હોવી જોઈએ? એ તો સ્વીકાર્ય નથી કે ફંડની લેણદેણ એ જ રીતે થવા લાગે, જેમ ચૂંટણી બોન્ડ યોજના પહેલાં થતી હતી અને જેમાં કોઈને ખબર જ નહોતી પડતી કે કોણે કોને પૈસા આપ્યા? વિચિત્ર વાત એ છે કે એટલા દાયકાથી ચાલતી એ યોજના પર કોઈએ સવાલ પણ ન ઉઠાવ્યા! જો વિપક્ષી દળોને નાણાં મંત્રીના કથન પર વાંધો હોય તો પછી તેમણે જણાવવું જોઈએ કે ચૂંટણી ફંડની કોઈ નીર-ક્ષીર વ્યવસ્થા કેવી હોઈ શકે? શું એ વિચિત્ર નથી કે સુપ્રીમ કોર્ટ દ્વારા ચૂંટણી બોન્ડ યોજના ખતમ કરાતાં વિપક્ષી નેતાઓ સહિત અન્ય અનેક લોકો ખુશીના માર્યા આળોટવા લાગ્યા, પરંતુ કોઈએ એમ ન કહ્યું કે ભવિષ્ય માટે ફંડની લેવડ-દેવડની કઈ પદ્ઘતિ યોગ્ય રહેશે અને કેવી રીતે રાજનીતિમાં કાળા નાણાંના ઉપયોગને રોકી શકાય છે?

કેટલાય વિપક્ષી નેતાઓએ ચૂંટણી બોન્ડ યોજનાને લૂંટ અને ખંડણીનો રસ્તો તો ગણાવ્યો, પંરતુ તેઓ એ પ્રશ્નનો જવાબ ન આપી શક્યા કે આખરે જે કંપનીઓએ ભાજપને ફંડ આપ્યું, એ જ કંપનીઓએ તેમને પણ ફંડ કેવી રીતે આપ્યું? ચાલો આપ્યું, તો પછી વિપક્ષી દળોએ તે લીધું કેમ? ચાલો લઈ લીધું, તો બોન્ડ યોજના ભ્રષ્ટાચારી હોવાનું ગણાવી રદ કરી દીધી ત્યારે તેમણે એ નાણાં પાછાં કેમ ન આપી દીધાં? શું વિપક્ષો એમ કહેવા માગે છે કે ભાજપને જે ફંડ મળ્યું તે ખરાબ હતું અને વિપક્ષોને મળ્યું હતું એ એકદમ ચોખ્ખું? કોઈપણ એવો દાવો ન કરી શકે કે રાજનીતિનું કામ પૈસા વિના કે ફંડ વિના ચાલી જશે. દરેક લોકતાંત્રિક દેશમાં રાજનીતિ ફંડના પૈસાથી જ ચાલે છે, પરંતુ વિકસિત દેશોએ તેની લેણ-દેણની પ્રક્રિયા એક હદ સુધી પારદર્શી રાખી છે. એનાથી જનતાને એ ખબર પડે છે કે રાજકીય પક્ષોને કોણ અને કેટલું ફંડ આપે છે. ચૂંટણી બોન્ડ યોજના પણ આ જ ઉદ્દેશ્યથી લાવવામાં આવી હતી, પરંતુ તે એટલા માટે પૂરી ન થઈ શકી કારણ કે આ યોજનામાં જરૂરી સુધાર નહોતા કરવામાં આવ્યા. વાસ્તવમાં એટલા માટે જ સુપ્રીમ કોર્ટે તેને રદ કરી દીધી. હવે એના પછી એ બાબત પર વિચાર થવો જ જોઈએ કે ફંડની નવી વ્યવસ્થા કેવી બને? એ ત્યારે જ સંભવ થશે, જ્યારે તમામ રાજકીય પક્ષો એના પર ગંભીરતાથી ચર્ચા કરશે. તેમણે એ બુનિયાદી વાત સમજવી પડશે કે ચૂંટણી બોન્ડ યોજના ખતમ થતાં ખુશ થવું એટલું પૂરતું નથી, ફંડની કોઈ નવી પારદર્શી વ્યવસ્થા જેટલી જલ્દી બને એટલું જ સારું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

રાજપુરોહિતોને રાજાના કરેલા પાપના ફળ ભોગવવા પડે છે.

- આચાર્ય ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૩ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૧૦:૩૮ ક.) તા.૨૭ એપ્રિલ ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૧૭, જયેષ્ઠા નક્ષત્ર, પરિઘ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૨, સૂ.અ.૭:૧૬

આજનો દિવસ સવારે ૮:૧૮ ક. સુધી શુભ છે

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), પરોઢે ૪:૨૮ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: હિતશત્રુઓથી સાવધ રહેવું. કાર્યબોજ હળવું બને.
વૃષભ:અટકેલા કાર્યો પૂર્ણ થાય. માંગલિક પ્રસંગોમાં ધન વ્યય થાય.
મિથુન:જીવનસાથીથી સ્નેહ રહે. મનની મુરાદ પૂરી થાય.
કર્ક: બગડેલા કાર્યો સુધારી શકશો. ભાગીદારી સાથે સંઘર્ષ થાય.
સિંહ: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. આર્થિક સમસ્યા હળવી બને.
કન્યા: નવિન સમાચાર મળે. મનની ઈચ્છા પૂર્ણ થાય.
તુલા: ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
વૃશ્ચિક:વાદ-વિવાદમાં સંભાળવું. વ્યર્થ ચિંતા ટળશે.
ધન: જીવનસાથીથી વાણી ઘર્ષણ થાય. મનમાં ક્રોધ રહે.
મકર: વ્યર્થ ગુપ્ત ચિંતા સતાવે. પારિવાર તથા મિત્રોનો સહકાર મળે.
કુંભ: વાક્ય ચતુરાઈથી સફળતા મળે. વિરોધીઓ પાછા પડે.
મીન: નવિન કાર્યોમાં સફળતા મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.

## કેન્દ્રિય રેલવે મંત્રી રાજકોટની એક દિવસીય મુલાકાતે

# અમદાવાદથી રાજકોટ માત્ર બે કલાકમાં પહોંચી જશો : કેન્દ્રિય રેલવે મંત્રી



### રાજકોટથી વડોદરા જવા માટે અમદાવાદની બદલે સાણંદ પાસેથી જ બાયપાસ ટ્રેક બનાવવાની કામગીરી ચાલુ :અશ્વિની વૈષ્ણા

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ, તા.૨૭

કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે રાજકોટની એક દિવસીય મુલાકાતે છે. ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત સંવાદ વિકસિત ભારત ૨૦૪૭ કાર્યક્રમમાં અશ્વિની વૈષ્ણવે હાજરી આપી હતી. ત્યારે રાજકોટના ઉદ્યોગપતિઓ તેમજ પ્રબુદ્ધ નાગરિકો અને વિદ્યાર્થીઓ સાથે તેમણે વાતચીત કરી હતી. વાતચીત દરમિયાન તેમણે વિકસિત ભારત ૨૦૪૭ના રોડ મેપને લઈને પણ સરકારની કામગીરી અંગે માહિતી આપી હતી. તો સાથે જ આગામી સમયમાં વંદે ભારત બાદ વંદે સ્લીપર અને વંદે મેટ્રો ટ્રેનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હોવાની વાત પણ જણાવી હતી.

કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સંબોધનમાં આગામી સમયમાં રાજકોટથી વડોદરા જવા માટે અમદાવાદ નહીં જવું પડે તે પ્રકારની માહિતી પણ તેમણે આપી હતી. આ અંગે વાતચીત કરતા અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, રાજકોટથી વડોદરા જવા માટે અમદાવાદની બદલે સાણંદ પાસેથી જ બાયપાસ ટ્રેક બનાવવાની કામગીરી ચાલી રહી છે. જે અંતર્ગત ભૂમિ અધિગ્રહણ બાબતે પણ કામકાજ ચાલી રહ્યું છે. આગામી સમયમાં ટ્રેનની સ્પીડ પણ વધારવા કામગીરી હાથ ધરવામાં આવનાર છે. રાજકોટથી અમદાવાદ સુધીની યાત્રા માત્ર બેથી સવા બે કલાકમાં પૂર્ણ થાય તે બાબતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સૂચના આપવામાં આવી છે. હાલ રાજકોટ કે અમદાવાદ તરફથી હરિદ્વાર કે અયોધ્યા જવા માટે દિલ્હી થઈને જવાની ફરજ પડે છે. ત્યારે આગામી સમયમાં અમદાવાદ બાયપાસની જેમ દિલ્હીનો બાયપાસ પણ બનાવવામાં આવ્યો છે. જેના કારણે ઉત્તર ભારતમાં જવા માટે દિલ્હી જવું નહીં પડે. તો સાથે જ વંદે મેટ્રો ટ્રેન આવવાથી ભારતીય રેલવે વિભાગમાં એક મોટી ક્રાંતિ આવવાની છે.

કેન્દ્રીય રેલવે મંત્રીએ પોતાના સંબોધનમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તો સાથે જણાવ્યું હતુ કે, ૨૦૦૪માં અટલ બિહારી વાજપાઈ સરકારના સમયમાં ભારત વિશ્વના અર્થતંત્રમાં ૧૧માં સ્થાન પર હતું. ત્યારે ૨૦૦૪થી ૨૦૧૪ સુધીમાં ભારત માત્રને માત્ર ૧૧માં સ્થાન ઉપર જ બની રહ્યું હતું. ત્યારે નરેન્દ્ર મોદીની સરકારમાં ભારતે વિકાસ કર્યો છે.

અંતર્ગત વૈશ્વિક અર્થતંત્રમાં ૧૧માં સ્થાન પરથી ભારતે પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમજ શક્ય છે કે, આગામી થોડા મહિનાઓમાં આપણે ચોથા સ્થાન ઉપર પણ પહોંચી જઈએ.વંદે ભારત અંગે ૨૦૧૭માં ચર્ચા શરૂ થઈ હતી. શરૂઆતના સમયગાળામાં વિદેશમાં જઈ ટેકનોલોજી આયાત કરવાની વાતચીત પણ કરવામાં આવી હતી. જોકે જે તે સમયે જ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સૂચના આપવામાં આવી હતી કે ભારતમાં ક્ષમતા છે. જે અંતર્ગત ડિઝાઈન થી માંડીને મેન્યુફેક્ચરિંગ સહિતની કામગીરી માત્રને માત્ર ભારતમાં જ કરવામાં આવી છે. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત અંગે ત્રણ વર્ષ પૂર્વે જ નરેન્દ્ર મોદીએ કામકાજ શરૂ કર્યું છે. વિકસિત ભારતનો રોડ મેપ અંતર્ગત સો દિવસનો પ્લાન તેમજ પાંચ વર્ષનો પ્લાન તૈયાર થઈ ચૂક્યો છે. આગામી સમયમાં ભારતીય જનતા પાર્ટીની ફરી વખત કેન્દ્રમાં સરકાર બનતા રોડ મેપનું અમલીકરણ પણ શરૂ કરવામાં આવશે.

વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધીમાં પાંચ કિલોમીટર પ્રતિ દિવસ રેલવે ટ્રેકનું નિર્માણ કાર્ય થતું હતું. આજની તારીખે રેલવે ટ્રેક બનાવવાની કામગીરીમાં ઝડપ વધારીને ૧૪.૫ કિલોમીટર પ્રતિ દિવસ કરવામાં આવી છે. આગામી દિવસોમાં રાજકોટ વાંકાનેર પડધરી ભક્તિનગર સહિતના રેલ્વે સ્ટેશનનું નવીનીકરણનું કામકાજ હાથ ધરવામાં આવશે. રાજકોટનું રેલ્વે સ્ટેશન વર્લ્ડ કલાસ બને તે માટે ડિઝાઈનિંગની પ્રોસેસ શરૂ થઈ ચૂકી છે. આગામી ૧.૫ થી ૨ મહિનામાં રાજકોટ વાસીઓના સજેશન ના આધારે ડિઝાઈનિંગની પ્રોસેસ પૂર્ણ કરવામાં આવશે.કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ તેમજ સદસ્યોને ખાતરી આપવામાં આવી છે કે, ઈક્મટેક્સ એક્ટ ૪૩ બીએચ અંતર્ગત એક્સપોર્ટ કરનારા ઉદ્યોગપતિઓને જે હાલાકી પડી રહી છે તે મામલે તેઓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનને રજૂઆત કરશે. તો સાથે જ દિવસે અને દિવસે ભારત ભરમાં જે પ્રમાણે સાયબર ફ્રોડ માં વધારો થઈ રહ્યો છે તે અંતર્ગત નિવેદન આપતા તેમણે જણાવ્યું હતુ કે સાઈબર ફ્રોડ સાથે સંકળાયેલા દોઢ કરોડ જેટલા સીમકાર્ડ ડિસ્કનેક્ટ કરવામાં આવ્યા છે. તેમજ આગામી દિવસોમાં સાઈબર ફ્રોડને લઈને વધુમાં વધુ કડક વલણ કેન્દ્ર સરકાર દ્વારા અપનાવવામાં આવશે.

## વિદ્યાર્થીઓ માટે ગુજરાત બોર્ડ સારા સમાચાર લાવ્યું

# વિદ્યાર્થીઓનું વર્ષ નહીં બગડે, આપી શકશો તમામ વિષયની પૂરક પરીક્ષા

### ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ આખે આખી પરીક્ષા એટલે કે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપી શકશે

અમદાવાદ, તા.૨૭

માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું પરિણામ વહેલું જાહેર કરવાનું આયોજન ગુજરાત બોર્ડ કરી રહ્યું છે. સાથે જ પરીક્ષાના પરિણામ બાદ પૂરક પરીક્ષા પણ વહેલી આટોપી લેવાય તે પ્રકારની તૈયારીઓ થઈ રહી છે. ત્યારે આ તમામની વચ્ચે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ આખે આખી પરીક્ષા એટલે કે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપી શકશે. જેમાં વિજ્ઞાન પ્રવાહની આખી પરીક્ષાના પરિણામમાં જે પરિણામ ઊંચુ હશે તે ધ્યાને લેવાશે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા બાદ હવે વિદ્યાર્થીઓ પરિણામની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છે. તેવામાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થી અને તેમાંય ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે આ નિર્ણય ખૂબ જ મહત્વનો છે. આમ તો ગુજરાત બોર્ડની પરીક્ષાના પરિણામ બાદ પૂરક પરીક્ષા પણ વહેલી લેવામાં આવે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ત્યારે અત્યાર સુધી જે વિદ્યાર્થીઓ વધારે વિષયમાં નાપાસ થયા હોય તો તેઓ અલગ અલગ ધોરણ પ્રમાણે માત્ર એક કે બે વિષયની પૂરક પરીક્ષા જ આપી શકતા હતા. પરંતુ આ વખતે બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય કરાયો છે. જે મુજબ ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થી આખે આખી એક્ઝામ ફરી આપવા ઈચ્છતો હોય તો તે વિદ્યાર્થી પરીક્ષા આપી શકશે. એટલું જ નહીં આ બંને પરિણામમાં બેસ્ટ ઓફ ટુ ધ્યાને લેવાશે. સાથે જ ધોરણ ૧૨ બાદ કરિયરને લગતા કોર્સમાં કે ACPC ના કોર્સમાં પણ જે પરિણામ ઊંચું હશે તે ધ્યાને લેવાય તેવું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ધોરણ ૧૦ માં પહેલા બે વિષયની પૂરક પરીક્ષા આપી શકાતી હતી તે આ વખતે ત્રણ વિષયની પરીક્ષા આપી શકાશે. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં એક જ વિષયની પૂરક પરીક્ષા આપી શકાતી હતી તે આ વખતે બે વિષય ની પરીક્ષા આપી શકશે

## એક રાષ્ટ્ર એક ચૂંટણી પરંતુ ધીરેન્દ્ર શાસ્ત્રીનું મોટું નિવેદન

# પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીના ભાઈ શાલિગ્રામ ફરી મુશ્કેલીમાં

### શાલીગ્રામ ગર્ગ પર આરોપ છે કે ટોલ પ્લાઝાના કર્મચારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો હાલ તમામ આરોપીઓ ફરાર હોવાનું કહેવાય છે

અમદાવાદ, તા.૨૭

બાગેશ્વર ધામના પીઠાધીશ્વર પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીના ભાઈ શાલિગ્રામ ગર્ગ ફરી ચર્ચામાં છે. પોલીસે શાલિગ્રામ અને તેના અન્ય ૧૦ સહયોગીઓ સામે કેસ નોંધ્યો છે. શાલીગ્રામ ગર્ગ પર આરોપ છે કે ટોલ પ્લાઝાના કર્મચારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. હાલ તમામ આરોપીઓ ફરાર હોવાનું કહેવાય છે. અગાઉ પણ તેની સામે લગ્નમાં ફાયરિંગ કરવાનો કેસ નોંધવામાં આવ્યો હતો.

બાગેશ્વર ધામના પીઠાધીશ્વર પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીના ભાઈ શાલિગ્રામ ગર્ગ ફરી એકવાર મુશ્કેલીમાં ફસાયા હોય તેવું લાગી રહ્યું છે. શાલિગ્રામ પર ટોલ પ્લાઝાના કર્મચારીઓ સાથે મારપીટ કરવાનો આરોપ છે. પોલીસે શાલીગ્રામ સહિત અનેક આરોપીઓ સામે કેસ નોંધ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે પોલીસ આરોપીઓને શોધવા માટે દરોડા પાડી રહી છે. તમામ આરોપીઓ ફરાર છે.મળતી માહિતી મુજબ, શાલિગ્રામે સાગર રોડ પર સ્થિત મુગવારી ટોલ પ્લાઝાના કર્મચારીઓની મારપીટ કરી હતી. તે તેના અન્ય ૧૦ સાથીઓ સાથે છતરપુરથી આવી રહ્યો હતો. જ્યારે ટોલ કર્મચારીઓએ વાહન રોક્યું, ત્યારે શાલિગ્રામ ગુસ્સે થઈ ગયો અને તેના મિત્રો સાથે મળીને ટોલ કર્મચારીઓને માર માર્યો. ઘટના બાદ તમામ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. ટોલ કર્મચારીઓએ આ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી શરૂ કરી હતી. ગુલગંજ પોલીસ સ્ટેશને શાલિગ્રામ ગર્ગ સહિત ૧૦ લોકો વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૨૩, ૨૯૪, ૫૦૬, ૪૨૭(૩૪) હેઠળ કેસ નોંધ્યો છે.

તમને જણાવી દઈએ કે આ પહેલા પણ શાલીગ્રામ પર ગામના એક દલિત પરિવારની દીકરીના લગ્નમાં ફાયરિંગ કરવાનો કેસ નોંધવામાં આવ્યો હતો. ધીરેન્દ્ર શાસ્ત્રીના ભાઈ લડાઈ સહિત અન્ય વિવાદોમાં ફસાયા છે. તેણે તે જ ગામના એક વ્યક્તિને વંશીય અપમાન અને હુમલો કર્યો હતો. આ કેસમાં પણ કેસ નોંધવામાં આવ્યો હતો અને તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો.

## રૂપિયા પડાવવા માટે મહિલા ડ્રગ ઈન્સ્પેક્ટર દર્શના મોદી તેના સ્ટોર પર ગયા હતા

# અમદાવાદમાં એક મહિલા ડ્રગ ઈન્સ્પેક્ટર લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

### ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ વિભાગમાં ફરજ બજાવતા ડ્રગ ઈન્સ્પેક્ટર દર્શના મોદીને ૨૦,૦૦૦ રૂપિયાની લાંચ લેતા ACBએ રંગે હાથ ઝડપી લીધા

અમદાવાદ, તા.૨૭

અમદાવાદમાં એક મહિલા ડ્રગ ઈન્સપેક્ટર ૨૦,૦૦૦ રૂપિયાની લાંચ લેતા ઝડપાયા છે. ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ વિભાગમાં ફરજ બજાવતા ડ્રગ ઈન્સ્પેક્ટર દર્શના મોદીને ૨૦,૦૦૦ રૂપિયાની લાંચ લેતા ACBએ રંગે હાથ ઝડપી લીધા છે. દર્શના મોદી ગોતામાં આવેલા એક મેડિકલ સ્ટોરમાં તપાસ માટે ગયા હતા અને ત્યાં લાઈસન્સ વગરની દવા વેચાય છે કે નહીં તેની તપાસ કરી હતી. જોકે, મેડિકલ સ્ટોરની માલિક યુવતી નિયમ પ્રમાણે સ્ટોર ચલાવતા હતા. પરંતુ મહિલા ઈન્સ્પેક્ટર કોઈ પણ રીતે રૂપિયા પડાવવા ઈચ્છતા હતા તેથી તેમણે દવાના પ્રિસ્ક્રિપ્શનની નોંધ કેમ નથી કરી તેમ કહીને એક લાખ રૂપિયાની લાંચ માંગી હતી. જોકે, રકઝકના અંતે ૩૦,૦૦૦ રૂપિયામાં સોદો નક્કી થયો હતો. મહિલા અધિકારીએ મેડિકલ સ્ટોરના ગલ્લામાંથી ૧૦ હજાર રૂપિયા લઈ લીધા હતા અને બાકીના ૨૦ હજાર રૂપિયા ઓફિસ આવીને આપી જવાનું કહ્યું હતું. મેડિકલ સ્ટોર ચલાવતી યુવતીએ તેની જાણ ACBને કરી હતી. તેથી ACBએ તાત્કાલિક છટકું ગોઠવીને ડ્રગ ઈન્સ્પેક્ટર દર્શના મોદીને તેમની ઓફિસમાં લાંચની રકમ સ્વીકારતા રંગે હાથ ઝડપી લીધા હતા.

અમદાવાદમાં રહેતા એક પિતાએ પોતાની દીકરીને પગભર બનાવવા માટે લોન લઈને ગોતા વિસ્તારમાં એક મેડિકલ સ્ટોર ખોલી આપ્યો હતો. યુવતીએ ફાર્મસીનો અભ્યાસ કર્યો હતો અને છેલ્લા અઢી વર્ષથી તે મેડિકલ સ્ટોર ચલાવી રહી હતી. જોકે, રૂપિયા પડાવવા માટે મહિલા ડ્રગ ઈન્સ્પેક્ટર દર્શના મોદી તેના સ્ટોર પર ગયા હતા. યુવતી પાસે જેટલા ડ્રગ્સનું લાઈસન્સ હતું તેટલી જ દવા તે વેચી રહી હતી. તેથી દર્શના મોદી કંઈ કરી શક્યા ન હતા. તેથી તેમણે પ્રિસ્ક્રિપ્શનની નોંધ કેમ નથી રાખતા કહીને કાયદાનો ડર બતાવ્યો હતો અને એક લાખ રૂપિયાની માંગણી કરી હતી. યુવતીએ દર્શના મોદીને આજીજી કરી હતી અને મહિલા ડ્રગ ઈન્સ્પેક્ટરે છેલ્લે ૩૦ હજાર રૂપિયામાં પતાવટનું નક્કી કર્યું હતું. ત્યારે યુવતી પાસે એટલી રકમ ન હોવાથી ડ્રગ ઈન્સ્પેક્ટર દર્શના મોદીએ મેડિકલ સ્ટોરના ગલ્લામાંથી ૧૦ હજાર રૂપિયા લઈ લીધા હતા અને બાકીના ૨૦ હજાર રૂપિયા ઓફિસે આવવીને આપી જવા કહ્યું હતું. યુવતીએ ACBને જાણ કરી અને છટકું ગોઠવીને મહિલા ડ્રગ ઈન્સ્પેક્ટર લાંચ લેતા ઝડપાઈ ગયા હતા.

મહિલા ડ્રગ ઈન્સ્પેક્ટર દર્શના મોદી મહિલાના મેડિકલ સ્ટોર પર ગયા હતા અને કહ્યું હતું કે, તમે છેલ્લા અઢી વર્ષથી સ્ટોર ચલાવો છો. હવે તો અમારું કશું સમજો! આજે તો સમજવું જ પડશે, નહીંતર દુકાનને સીલ મારી દઈશ અને લાઈસન્સ પણ રદ થઈ જશે તેમ કહીને યુવતીને ધમકી આપી હતી. હવે ACBએ દર્શના મોદી સામે કાર્યવાહી શરૂ કરી છે. લાંચ લેતા ઝડપી લીધા બાદ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સ્પેશિયલ ACB કોર્ટે આરોપી મહિલાના વિવિધ મુદાઓ અંગે તપાસ કરવા બે દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા.

ACB મહિલા ડ્રગ ઈન્સ્પેક્ટરની મિલકતો અને બેંક એકાઉન્ટની તપાસ શરૂ કરી છે. સરકારી વકીલ રવિરાજ ઠાકરે રિમાન્ડ અરજી અંગે એવી રજૂઆત કરી હતી કે આરોપી મહિલા ઓફિસમાં લાંચ લેતા ઝડપાયા છે. તેથી ઓફિસના સીસીટીવી ફૂટેજ મેળવવાના છે. આરોપી જે પ્રમાણે લાંચ લીધી છે તે જોતાં અંદર અન્ય કોઈ સહકર્મી કે અધિકારી જોડાયેલા છે કે નહીં, આરોપી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩થી ડ્રગ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે તો તેમણે આવા કેટલા લોકો પાસેથી લાંચ લીધી છે? તે અંગે તપાસ થવી જરૂરી છે. આવી રજૂઆત બાદ કોર્ટે આરોપી મહિલા ડ્રગ ઈન્સ્પેક્ટરના રિમાન્ડ મંજૂર કર્યા હતા અને હવે તેમની મિલકતની તપાસ પણ શરૂ કરવામાં આવી છે.

# અનધિકૃત ફેરિયાઓ ફૂટપાથ, જાહેર રસ્તાઓ ઉપર કબજો કરી શકે નહીં : બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ, તા.૨૭

બોમ્બે હાઈકોર્ટે જણાવ્યું છે કે, મુંબઈમાં ફૂટપાથ અને જાહેર રસ્તાઓ કાયમી ધોરણે અનધિકૃત હોકર્સ દ્વારા કબજે કરવાની મંજૂરી આપી શકાય નહીં શહેરની નાગરિક સંસ્થા પોપ-અપ માર્કેટ અથવા મોબાઈલ વેન્ડિંગ કન્સેપ્ટ ઉપર વિચાર કરે છે. ન્યાયમૂર્તિ ગૌતમ પટેલ અને કમલની ડિવિઝન બેન્ચે ૧૬ એપ્રિલના તેના આદેશમાં જેની એક નકલ ઉપલબ્ધ કરવામાં આવી હતી, જણાવ્યું હતું કે, એક વ્યક્તિના બંધારણીય અધિકારનો અર્થ રાહદારીઓ માટે મુક્ત અને સલામત ફૂટપાથના અધિકારનું ઉલ્લંઘન ન હોઈ શકે. ખંડપીઠે ગયા વર્ષે શહેરમાં ગેરકાયદે વિક્રેતાઓના મુદ્દા ઉપર સુઓમોટુ (પોતાની રીતે) સંજ્ઞાન લીધું હતું. તેણે જણાવ્યું હતું કે, પિટિશનમાં ઉદ્ભવતો એક મૂળભૂત પ્રશ્ન એ છે કે, 'આ શહેર કોના માટે છે' કારણ કે, આ જગ્યા માટે હરીફો દાવો કરી રહ્યા છે. કોર્ટે કહ્યું કે, 'જાહેર ફૂટપાથ અને જાહેર રસ્તાઓ કાયમી ધોરણે લાયસન્સ વિનાના વેન્ડિંગ દ્વારા કબજે કરવાની મંજૂરી આપી શકાતી નથી.' આ ઉપરાંત આ કલમ ૨૧ અને બંધારણની કલમ ૧૪ વચ્ચે સંઘર્ષ ઊભો કરશે. કોર્ટે જણાવ્યું હતું કે, તે 'અકલ્પ્ય' છે કે, લાયસન્સ વિનાનો શેરી વિક્રેતા જાહેર શેરી પર સ્થાયીતાનો દાવો કરી શકે છે. આમ થવાથી પદયાત્રીઓ અને અન્ય કર ચૂકવનારા નાગરિકોના બંધારણીય અધિકારો ઉપર અસર પડશે.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે, 'અમે એ જોતા નથી કે જાહેર જગ્યા પર લાયસન્સ વિનાના વિક્રેતા દ્વારા દાવો કરવામાં આવેલ કલમ ૧૯ (આજીવિકા)નો અધિકાર તે જાહેર જગ્યાના અન્ય વપરાશકર્તાઓના ખર્ચે જમીનના અધિકારમાં કેવી રીતે પરિવર્તિત થઈ શકે.' તેણે જણાવ્યું હતું કે, આજીવિકાનો અધિકાર હંમેશા કાયદા મુજબ નિયમન કરી શકાય છે. હાઈકોર્ટે જણાવ્યું હતું, 'જ્યારે લાયસન્સ વિનાનો શેરી વિક્રેતા જાહેર જગ્યામાં સ્થાયીતા અને હટાવવાથી રક્ષણનો દાવો કરવાનું શરૂ કરે છે, ત્યારે જે બાબતની હિમાયત કરવામાં આવે છે તે મૂળભૂત અધિકારોની વંચિતતા છે જે તે જાહેર જગ્યાના ઉપયોગ માટે અન્ય લોકો ઉપર સમાન રીતે નિહિત છે.' કોર્ટે કહ્યું, 'એ અકલ્પ્ય છે કે, કોઈપણ એવું કહી શકે કે મુંબઈમાં આ ધરતીનો ટુકડો જે સાર્વજનિક જમીન છે તે મારા કબજા હેઠળ છે અને કોઈ મને તેમાંથી હટાવી શકે નહીં.' હાઈકોર્ટે જણાવ્યું હતું કે, તે એક નવો અભિગમ સૂચવે છે જે 'મોબાઈલ વિક્રેતાઓના ખ્યાલ અથવા પોપ-અપ માર્કેટ'ને પ્રોત્સાહન આપે છે જે હોકરોને તેમની વસ્તુઓ ચોક્કસ સમયે ચોક્કસ સ્થળે વેચવાની મંજૂરી આપે છે. કોર્ટે જણાવ્યું હતું કે, 'આનાથી શેરી વિક્રેતાઓને ફક્ત અસ્થાયી રૂપે અને કડક દેખરેખ, નિયંત્રણ અને દેખરેખ હેઠળ, એક વિસ્તારનો ઉપયોગ કરવાની અને સમય પૂરો થયા પછી જાહેર જમીનને તેના મૂળ હેતુ પર પરત કરવાની મંજૂરી આપવાનો વિચાર કરવામાં આવશે.' બેન્ચે નોંધ્યું હતું કે, નિયુક્ત હોકિંગ ઝોનમાં જગ્યાના ઉપયોગ અને વિસ્તારોના સીમાંકન માટે સ્થાયીતા હોઈ શકે છે જ્યારે મોબાઈલ વેન્ડિંગ ઝોનમાં આવી કોઈ કાયમીતા હોતી નથી. કોર્ટે કહ્યું, 'વ્યાખ્યા અનુસાર તે કામચલાઉ છે. ઝોન પોતે એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરે છે અને ઝોન સાથે તે વિક્રેતાઓને તે ઝોનમાં તે કલાકો માટે




ખસેડવા જોઈએ.' બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)નું પ્રતિનિધિત્વ કરનારા વરિષ્ઠ વકીલ એસ.યુ. કામદારે જણાવ્યું હતું કે, ગેરકાયદેસર અને અનધિકૃત હોકર્સનો મુદ્દો સતત ઘર્ષણનો મુદ્દો હતો કારણ કે, જ્યારે પણ આવા વિક્રેતાઓને દૂર કરવામાં આવે છે, ત્યારે તેઓ બીજા જ દિવસે પાછા ફરે છે. કોર્ટે નોંધ્યું હતું કે, ઘણા શેરી વિક્રેતાઓ શહેરના લોકોને સામાન અને સેવાઓ પૂરી પાડે છે અને કોઈ પૂછતું નથી કે વિક્રેતા પાસે લાયસન્સ છે કે નહીં. આથી આવા વિક્રેતાઓને એક નિશ્ચિત સમયે ચોક્કસ સ્થળે તેમનો માલ વેચવાની પરવાનગી આપવામાં આવી શકે છે. હાઈકોર્ટે જણાવ્યું હતું, 'અમે માનીએ છીએ કે આ એવી બાબત છે જેના ઉપર BMCએ વિચાર કરવો જોઈએ કારણ કે, તે BMCને ક્યાં, ક્યારે અને કોને અને કયા સમયગાળા માટે પરવાનગી આપવી જોઈએ તે ઓળખવામાં સક્ષમ બનાવશે.' કોર્ટે કહ્યું, 'આવું કોઈ તાર્કિક કારણ નથી કે શા માટે પ્રોટોકોલની આવી સિસ્ટમ કામચલાઉ સ્ટ્રીટ વેન્ડિંગ અથવા મોબાઈલ વેન્ડિંગ ઉપર લાગુ કરી શકાતી નથી.' બેન્ચે નોંધ્યું હતું કે, આ માટે વોર્ડ-ટુ-વોર્ડ ધોરણે નીતિની જરૂર પડશે કારણ કે, દક્ષિણ મુંબઈ માટે જે યોગ્ય છે તે શહેરના અન્ય ભાગો માટે યોગ્ય ન હોઈ શકે. બેન્ચે નોંધ્યું હતું કે, ફૂટપાથનો ઉપયોગ કરવાના પદયાત્રીઓના અધિકાર સાથે ચેડાં કરી શકાય નહીં. કોર્ટે કહ્યું કે, ફૂટપાથ ઉપર લાયસન્સ વિનાના હોકરોને કારણે રાહદારીઓને રસ્તા ઉપર ચાલવાની ફરજ પડે છે. કમસે કમ હાલ પૂરતી તો એવી અપેક્ષા રાખી શક્તિ નથી કે મોટર કાર ઉડાન ભરી શકે અને તેમની પાસે ઉપયોગ કરવા માટે માત્ર એક જ જગ્યા છે, અને તે રોડ છે. બેન્ચે સરળ દેખરેખ માટે મંજૂર કરાયેલા તમામ સ્ટ્રીટ વેન્ડિંગ લાયસન્સના ડેટાબેઝની રચના અને જાળવણી માટે પણ હાકલ કરી હતી. કોર્ટે આ મામલાની વધુ સુનાવણી ૨૪ જૂનના રોજ મુલતવી રાખી હતી અને કહ્યું હતું કે, હાઈકોર્ટ દ્વારા કરાયેલા સૂચનોને ધ્યાનમાં લેવાનું BMC કમિશનર ઉપર નિર્ભર છે.

# AI-સંચાલિત એપ્લિકેશન માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકોને ખાસ મદદ કરશે




નવી દિલ્હી, તા.૨૭

ફોર્ટિસ હેલ્થકેરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-સશક્ત એપ્લિકેશન લોન્ચ કરી છે જે માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવતા લોકોને મદદ કરી શકે છે. ફોર્ટિસ હેલ્થકેરના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર આશુતોષ રઘુવંશીએ જણાવ્યું હતું કે, ફોર્ટિસ હેલ્થકેર માનસિક સ્વાસ્થ્યને મુખ્ય પ્રવાહની આરોગ્ય સંભાળમાં એકીકૃત કરવા માટે પ્રતિબદ્ધ છે અને આ વિઝન અમે એક દાયકાથી વધુ સમયથી કેળવીએ છીએ. આજે અમે અમારા સમર્પિત માનસિક સ્વાસ્થ્ય વર્ટિકલ, 'અદાયુ માઈન્ડફુલનેસ'ના લોન્ચ સાથે એક મહત્ત્વપૂર્ણ કદમ પ્રગતિની દિશામાં ઉઠાવી રહ્યા છીએ. આ નવી પહેલ માત્ર માનસિક સ્વાસ્થ્યના વ્યાપક પડકારને પહોંચી વળવા માટેની અમારી પ્રતિબદ્ધતા ઉપર જ ભાર નથી મૂકતી પરંતુ 'યુનાઈટેડ વી કેર' સાથેની અમારી ભાગીદારી દ્વારા એઆઈ ટેક્નોલોજીને એકીકૃત કરવાના અમારા નવીન અભિગમને પણ પ્રદર્શિત કરે છે. રઘુવંશીએ જણાવ્યું હતું કે, આ સહયોગ માનસિક સ્વાસ્થ્ય સેવાઓની સુલભતામાં પરિવર્તન લાવવા માટે સુયોજિત છે જે એક બટનના ટચ ઉપર વ્યાપક સંભાળ ઉપલબ્ધ કરાવે છે. 'આ હેલ્થકેર ટેક્નોલોજીમાં પ્રગતિ કરતાં કંઈક વિશેષ છે; તે માનસિક સ્વાસ્થ્યના મુદ્દાઓને નાબૂદ કરવા અને સમગ્ર ભારતમાં જરૂરિયાતવાળા લોકો માટે સંભાળની ઉપલબ્ધતા વધારવા માટેની એક ચળવળ છે.' અદાયુ માઈન્ડફુલનેસ એ વ્યાપક માનસિક સ્વાસ્થ્ય સંભાળ માટે સમર્પિત વર્ટિકલ છે. ફોર્ટિસ નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ, ફોર્ટિસ હેલ્થકેરના ચેરપર્સન અને મનોચિકિત્સક સલાહકાર ડૉ.સમીર પરીખે જણાવ્યું હતું કે, 'ભારતનો માનસિક સ્વાસ્થ્ય બોજ ૨૦૦-૩૦૦ કરોડ ડોલર હોવાનો અંદાજ છે જેમાં દર ૮માંથી ૧ વ્યક્તિ કોઈને કોઈ સ્વરૂપમાં માનસિક સ્વાસ્થ્ય વિકૃતિથી પીડિત હોવાનો અંદાજ છે. તેથી માનસિક સુખાકારીના ઉકેલો પ્રાસંગિક છે, ખાસ કરીને ભારત જેવા સમાજમાં જ્યાં માનસિક સ્વાસ્થ્યને ખૂબ જ સુગભરી ગણવામાં આવે છે જેના કારણે જાગૃતિનો અભાવ પેદા થાય છે અને જ્યાં માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતોની અપ્રમાણસર રીતે વહેંચણી કરવામાં આવે છે.' તેમણે જણાવ્યું કે, 'માનસિક સ્વાસ્થ્ય અને સર્વગ્રાહી સુખાકારી ઉપર વિવિધ પહેલો અને ઝુંબેશની પહેલ કર્યા પછી અદાયુની શરૂઆત અમારી સફરમાં એક નવા પ્રકરણને ચિહ્નિત કરે છે કારણ કે, અમે ક્લિનિકલ શ્રેષ્ઠતા સાથે નવીનતા અને AIને સંકલિત કરીએ છીએ અને જાગૃતિને પ્રોત્સાહન આપવાના અમારા પ્રયત્નો તરફ પ્રયત્નશીલ રહીને ઉચ્ચસ્તરની સંભાળ પ્રદાન કરીશું અને તેણે સુગમ બનાવીશું.' વર્ચ્યુઅલ વેલનેસ કોચ, સ્ટેલા દ્વારા સંચાલિત વ્યક્તિગત મૂલ્યાંકન દ્વારા વપરાશકર્તાઓને તેમના માનસિક સ્વાસ્થ્યની સ્થિતિની આંતરદૃષ્ટિ મેળવવા માટે છેં-સંચાલિત સ્વ- મૂલ્યાંકન સાધનનો અનુભવ થશે. આ પ્લેટફોર્મ પ્રશિક્ષિત મનોચિકિત્સકો, મનોવૈજ્ઞાનિકો, સાયકો-ઓન્કોલોજિસ્ટ્સ, સ્પોર્ટ્સ થેરાપિસ્ટ, યોગ નિષ્ણાતો, કલા-આધારિત ઉપચાર પ્રદાતાઓ અને ફિઝિયોથેરાપિસ્ટ સાથે વ્યક્તિઓને જોડશે જે પ્રતિક્ષા કરવાના સમય અને ભૌગોલિક અવરોધોને ઘટાડશે.

# સુનીતા વિલિયમ્સ ત્રીજી અવકાશયાત્રા માટે સજ્જ



નવી દિલ્હી, તા.૨૭

ગુજરાતી મૂળની અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ ૬ મેના રોજ તેની ત્રીજી અવકાશ યાત્રા ઉપર જશે. તે બોઈંગના સ્ટારલાઈનર કેલિપ્સો મિશનનો ભાગ બનશે. અમેરિકી સ્પેસ એજન્સી નાસાના જણાવ્યા અનુસાર આ મિશન માટે બે વરિષ્ઠ વૈજ્ઞાનિકો બુચ વિલ્મોર અને સુનીતા વિલિયમ્સની પસંદગી કરવામાં આવી છે. હાલમાં, સુનિતા બોઈંગના સ્ટારલાઈનર અવકાશયાનમાં ક્રૂ ફ્લાઈટ ટેસ્ટ મિશન પાઈલટ તરીકે તાલીમ લઈ રહી છે. બોઈંગનું સ્ટારલાઈનર અવકાશયાન ૬ મેના રોજ રાત્રે ૧૦:૩૪ કલાકે એલાયન્સ એટલાસ વી રોકેટ ઉપર લોન્ચ કરવામાં આવશે. આ મિશન માટે નાસાની મદદ લેવામાં આવી છે. બંને યાત્રીઓ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં બે સપ્તાહ સુધી રહેશે. આ માટેની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. વાસ્તવમાં, અગાઉ આ અવકાશયાન જુલાઈ ૨૦૨૨માં રવાના થવાનું હતું, પરંતુ કોરોના રોગચાળાને કારણે, તે એક વર્ષ માટે મોકૂફ રાખવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સુનિતા વિલિયમ્સની જૂન ૧૯૯૮માં અમેરિકાની સ્પેસ એજન્સી નાસામાં પસંદગી થઈ હતી. ૯ ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ, સુનિતા વિલિયમ્સ પ્રથમ વખત અવકાશમાં ગયા હતા. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન ઉપર મોકલવામાં આવેલું ૧૪મું શટલ ડિસ્કવરી સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પછી તેની બીજી અવકાશ યાત્રા ૨૦૧૨માં શરૂ થઈ. ત્યારબાદ તેણે રશિયન રોકેટ સોયુઝ ્સ૭૦૫સ પર કઝાખિસ્તાનના બૈકોનુરથી ઉડાન ભરી હતી. સુનીતા વિલિયમ્સ અવકાશ યાત્રાની દુનિયામાં જાણીતું નામ છે. તેની અવકાશ યાત્રા ડિસેમ્બર ૨૦૦૬માં એક્સપિડિશન ૧૪/૧૫ સાથે શરૂ થઈ હતી. જીજી-૧૧૬ ના ક્રુ સાથે ફ્લાઈટ એન્જિનિયર તરીકે તેણે ઉડાન ભરી હતી. ચાર સ્પેસવોકમાં તેણે કુલ ૨૯ કલાક અને ૧૭ મિનિટનો સમય વિતાવ્યો અને એક મહિલા તરીકે તેણે આ રેકોર્ડ બનાવ્યો હતો. તે જૂન ૨૦૦૭માં STS-117 સાથે પૃથ્વી ઉપર પરત આવી હતી. તેની બીજી અવકાશયાત્રા અભિયાન ૩૨/૩૩ અંતર્ગત જુલાઈ ૨૦૧૨થી નવેમ્બર ૨૦૧૨ સુધી ચાલી હતી. તે રશિયન સોયુઝ કમાન્ડર યુરી મેલેન્ચેન્કો અને જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સીના અકિહિકો હોશીદે સાથે કઝાકિસ્તાનના બૈકોનુર કોસ્મોડ્રોમથી પ્રક્ષેપણ કરીને સ્પેસ સ્ટેશન ઉપર પહોંચી હતી. ત્યાં તેણે ચાર મહિના સુધી સંશોધન અને શોધખોળમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ દરમ્યાન તેણે કુલ ૫૦ કલાક ૪૦ મિનિટની સ્પેસવોકનો નવો રેકોર્ડ બનાવ્યો હતો.

# આર્મીના પાંચ ઘોડાઓએ લંડનના રસ્તાઓ ઉપર અરાજકતા સર્જી

લંડન, તા.૨૭

ઈંગ્લેન્ડની રાજધાની લંડનમાં સવારે લશ્કરના પાંચ ઘોડાઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને અરાજકતા સર્જી હતી. આ ઘોડાઓ બકિંગહામ પેલેસ નજીક સેન્ટ્રલ લંડનની શેરીઓમાં નિયમિત કસરત દરમ્યાન એવા સમયે બહાર આવ્યા હતા જ્યારે શેરીઓમાં ભીડ હતી. આ દરમ્યાન લગભગ ચાર લોકો ઘાયલ થયાના સમાચાર છે. ભારતીય હાઈ કમિશન અને વેસ્ટ એન્ડ થિયેટર ડિસ્ટ્રિક્ટ નજીક એલ્ડવિચ નજીક લોહીથી લથપથ ઘોડાનો એક વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયો હતો. વાયરલ ફૂટેજમાં જોઈ શકાય છે કે ઘોડાઓ કાર અને ટૂરિસ્ટ બસ સાથે અથડાયા હતા. બ્રિટિશ આર્મીએ પાછળથી કહ્યું કે તેના તમામ ઘોડાઓને પકડી લેવામાં આવ્યા છે અને તેમના કેમ્પમાં પાછા ફર્યા છે, જ્યાં તેમને તબીબી સારવાર આપવામાં આવી રહી છે. એજન્સી અનુસાર, એક પ્રવક્તાએ કહ્યું કે તમામ ઘોડાઓ હવે પુર્નઃ પ્રાપ્ત થઈ ગયા છે અને કેમ્પમાં પાછા ફર્યા છે. ઘણા કર્મચારીઓ અને ઘોડાઓ ઘાયલ થયા છે અને તેઓને યોગ્ય તબીબી સારવાર મળી રહી છે. રાજા ચાલ્સના નિવાસસ્થાન બકિંગહામ પેલેસની પશ્ચિમે આવેલા પોશ વિસ્તાર બેલગ્રાવિયામાં ઘોડાઓની કસરત કરવામાં આવી રહી હતી ત્યારે સાતમાંથી પાંચ ઘોડા ભાગી ગયા હતા. ઔપચારિક કવાયત એ આવતા મહિને રાજાના વાર્ષિક જન્મદિવસની પરેડની તૈયારીઓનો એક ભાગ હતો, જેને ટ્રુપિંગ ધ કલર તરીકે ઓળખવામાં આવે છે.રિપોર્ટ અનુસાર, ઘોડાઓ વાગવાથી ઘણા સૈનિકો પડી ગયા અને ત્રણ સૈનિકોને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં લઈ જવા પડ્યા.લંડન એમ્બ્યુલન્સ સર્વિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે: "અમે મધ્ય લંડનમાં છૂટક ઘોડાઓને સંડોવતા એક ઘટના અંગે સવારે સંખ્યાબંધ કોલ્સનો જવાબ આપ્યો. અમે ત્રણ જગ્યાએ મદદ મોકલી, ચાર દદીઓની સારવાર કરી અને તમામને હોસ્પિટલમાં લઈ ગયા. તમને જણાવી દઈએ કે આ ઘોડાઓ લંડન કેવેલરીના હતા, જે બ્રિટિશ રાજાના ઔપચારિક રક્ષક છે અને લંડનમાં રાજ્યના કાર્યનો એક મહત્વપૂર્ણ ભાગ છે. સિટી ઓફ લંડન પોલીસના ઈન્સ્પેક્ટર માઈલ્સ હિલબરીએ જણાવ્યું હતું કે: "અમારી રોડ પોલીસિંગ ટીમના પોલીસ અધિકારીઓએ લીધેલા પગલાંએ ઘોડાઓ અને જનતાના સભ્યોને નુકસાન અને તકલીફથી બચાવ્યા. હિલબેરીએ તેના પોલીસ કોન્સ્ટેબલોની પ્રશંસા કરી અને કહ્યું કે ઘોડાની પેટી અને પશુ ચિકિત્સકની ટીમ આવવાની રાહ જોતી વખતે તેઓએ ઘોડાઓને શાંત રાખ્યા હતા. તમને જણાવી દઈએ કે ઘોડાઓ બહાર આવ્યા બાદ પોલીસ ફોર્સે ટૂંક સમયમાં જ ટ્રાફિકને નિયંત્રિત કરી લીધો, બાઈક ઉપર આવતા અધિકારીઓએ ઘોડાઓ માટે રસ્તો બનાવ્યો, જેથી તેમને સુરક્ષિત રીતે ઘોડાની પેટીમાં લઈ જઈ શકાય અને તાત્કાલિક તબીબી સંભાળ આપવામાં આવી. જેથી કરી તેમને પાછા આમી બેરેકમાં લઈ જઈ શકાય.

# ખાતા પહેલાં કેરી કેમ પલાળી લેવી જોઈએ જાણો...

અમદાવાદ તા.૨૭

વિટામિન સીથી ભરપૂર કેરી લગભગ ૬૭ ટકા DV પ્રદાન કરે છે જે તમારી રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે, તમારા શરીરને આયર્ન શોષવામાં મદદ કરે છે અને કોષોની વૃદ્ધિ અને સમારકામને પ્રોત્સાહન આપે છે. કેરી એ ખનિજો તાંબુ અને ફોલેટનો પણ સારો સ્ત્રોત છે, જે સગર્ભાવસ્થા દરમ્યાન ખાસ કરીને મહત્ત્વપૂર્ણ પોષક તત્વો છે, કારણ કે તેઓ ગર્ભની તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસને ટેકો આપે છે. જો કે, એક સામાન્ય માન્યતા છે કે, કેરી ખાતા પહેલા તેને હંમેશા પાણીમાં પલાળી રાખવી જોઈએ. શું તમે જાણો છો શા માટે; નિષ્ણાતોના મતે, પલાળીને માત્ર સપાટીની ગંદકી અથવા જંતુનાશકોને દૂર કરવામાં જ મદદ કરે છે તેમ નહીં પણ ફાયટીક એસિડને પણ દૂર કરે છે, જે શરીરના આવશ્યક પોષક તત્વોને વધુ સારી રીતે શોષી લે છે. કેરી ફાયટીક એસિડથી ભરેલી હોય છે, જે શરીર આયર્ન સહિત કેટલાક ખનિજોને કેવી રીતે શોષી લે છે તેના ઉપર અસર કરે છે. તે સમય જતાં ખનિજની ઉણપમાં પણ ફાળો આપે છે. તેનાથી માથાનો દુખાવો અને કબજિયાત પણ થાય છે. યશોદા હોસ્પિટલ્સના સિનિયર કન્સલ્ટન્ટ ફિઝિશિયન ડૉ. દિલીપ ગુડેએ ટાઈમ્સ નાઉને જણાવ્યું હતું, કેરીને પાણીમાં પલાળી રાખવાથી જંતુનાશક અવશેષો, ગંદકીને દૂર કરવામાં મદદ મળે છે. ફાયટેટથી ભરપૂર દૂધિયું રસ અને ચીકણા પણું પલાળવાથી નીકળી જાય છે. ઓછામાં ઓછાં ૧૦ કપ પાણી અને અડધો કપ ૫ ટકા સફેદ સરકો ઉમેરીને એક કે બે કલાક પલાળીને કેરીને ધોવી એક આદર્શ ઉપાય છે. પ્રસંગોપાત કેરીને થોડાં સમય માટે પાણીમાં પલાળીને રાખવાથી તેની છાલ નરમ પડી જાય છે, જેનાથી તેને કાપવામાં સરળતા રહે છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ ટેકનીક કડક છાલવાળી કેરીઓ માટે પણ સારી રીતે કામ કરે છે. ડૉ.ગુડેના જણાવ્યા મુજબ કેરીમાંથી હાનિકારક તત્વોને દૂર કરવાની અન્ય રીતોમાં કાર્બાઈડ અને આર્સેનિકને દૂર કરવા માટે ૨ ટકા સોડિયમ કાર્બોનેટને ૧૨ કલાક માટે પલાળી રાખવાનો સમાવેશ થાય છે. તેમણે કાપેલા કેરીના ટુકડાને હુંફાળા પાણીમાં ૧૦ મિનિટ માટે મૂકો અને જો તે પાણીને પીળું અથવા વાદળછાયું બનાવે છે, તો તેને પકવવા માટે કેલ્શિયમ કાર્બાઈડનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની સંભાવના છે. કેરીમાં કેલરી ઓછી હોય છે. એક કપ તાજી કેરીમાં ૧૦૦થી



ઓછી કેલરી હોય છે અને તેમાં ઓછી કેલરીની ઘનતા હોય છે. અન્ય તાજા ફળોની સરખામણીમાં તાજી કેરીમાં પ્રાકૃતિક ખાંડનું પ્રમાણ વધુ હોય છે, પરંતુ તે ડાયાબિટીસ જેવી મેટાબોલિક સ્થિતિ ધરાવતા લોકો માટે ચિંતાજનક નથી. અભ્યાસો અનુસાર, જે લોકો ૧૨ અઠવાડિયા સુધી દરરોજ ૧૦ ગ્રામ ફ્રીઝ કરી સૂકાયેલી કેરી તેમના આહારમાં ઉમેરે છે તેઓ બ્લડ સુગરના સ્તરમાં નોંધપાત્ર સુધારો અનુભવે છે. ડોક્ટરો કહે છે કે, કેરીમાં પોષક તત્વો હોય છે જે સ્વસ્થ હૃદયને ટેકો આપે છે. મેગ્નેશિયમ અને પોટેશિયમથી ભરપૂર, કેરીમાં પોષક તત્વો હોય છે જે તમારી રક્તવાહિનીઓને આરામ કરવામાં મદદ કરે છે, બ્લડ પ્રેશરના સ્તરને નીચું પ્રોત્સાહન આપે છે. તે મેન્ગીફેરિનમાં પણ સમૃદ્ધ છે, જે હૃદયના કોષોને બળતરા, ઓક્સિડેટીવ તણાવ અને કોષ મૃત્યુ સામે રક્ષણ આપે છે. કેરી તમારા પાચન સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે કારણ કે, તેમાં એમીલેસેસ તરીકે ઓળખાતા ઉત્સેચકોનો સમૂહ છે, જે જટિલ કાર્બોહાઈડ્રેટ્સને ગ્લુકોઝ અને માલ્ટોઝ જેવા શર્કરામાં રૂપાંતર કરે છે.

### મતદાન ઉપર અસર પડવાની શક્યતા

# વાલીઓ ફરવા જતા ન રહે તેને લઈ ધો.૧૦ અને ૧૨ બોર્ડનું પરિણામ અટકાવાયું : લોકચર્ચા તેજ

અમદાવાદ, તા.૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાનું પરિણામ હાલમાં તૈયાર કરી દેવામાં આવ્યું છે. બોર્ડ દ્વારા પરીક્ષા સમિતિની બેઠક બોલાવવા માટે ચૂંટણી પંચની મંજૂરી માગવામાં આવી હતી તે આપી દેવામાં આવી છે. આમ છતાં બોર્ડ દ્વારા વહેલું પરિણામ જાહેર કરવામાં આવે તેવી કોઈ શક્યતા નથી. અન્ય રાજ્યોમાં બોર્ડના પરિણામ જાહેર કરી દેવાયા છે ત્યારે હવે ગુજરાતમાં ચૂંટણી પહેલા પરિણામ જાહેર કરાશે કે કેમ તેની આશંકા ઉભી થઈ છે. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ધો.૧૦ની પરીક્ષાઓ ૨૨મી માર્ચે અને ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૨૬મી માર્ચના રોજ પૂરી કરી દેવામાં આવી હતી. ચૂંટણીને કારણે વહેલું પરિણામ જાહેર કરવું પડે તેવી શક્યતાને પગલે બોર્ડ દ્વારા પરીક્ષા પૂરી થાય તેની સાથે જ ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. ઉત્તરવહી ચકાસણી બાદ માર્કસની ડેટા એન્ટ્રી માટે પણ એક સાથે ૫૦૦ ઓપરેટરને કામગીરી સોંપવામાં આવી હતી. સૂત્રો કહે છે કે, ધો.૧૨ સાયન્સનું પરિણામ સૌથી પહેલા તૈયાર કરી દેવામાં આવ્યું છે. ધો.૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની કામગીરી પણ આખરી તબક્કામાં છે. તાજેતરમાં બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવા માટે ચૂંટણી પંચની મંજૂરી માંગવામાં આવી હોવાની વિગતો પણ બહાર આવી હતી. આમ, વહેલું પરિણામ જાહેર કરવાની તમામ કવાયત કર્યા બાદ પણ પરિણામ ગત વર્ષની જેમ જ મેના પહેલા અથવા બીજા સપ્તાહમાં જ જાહેર થાય તેવી શક્યતા જોવાઈ રહી છે. સૂત્રો કહે છે કે, લીલીઝંડી મળે તો ગમે ત્યારે ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરી દેવાની તૈયારી રખાઈ છે. ચૂંટણીને કારણે વહેલું પરિણામ જાહેર કરી દેવામાં આવે તો કેટલાક વાલીઓ પ્રવાસે કે ફરવા જતાં રહે તો મતદાનને અસર થાય તેવી આશંકાના પગલે પરિણામ તૈયાર હોવા છતાં જાહેર કરવામાં વિલંબ કરવામાં આવી રહ્યો હોવાની ચર્ચાઓ થઈ રહી છે.

# કોડીનાર જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૯૨ કોડીનાર વિધાનસભા મતવિસ્તારમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો






(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૭

નોડલ ઓફિસર પીડબલ્યૂ ડી અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી તેમજ જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ (દિવ્યાંગ બાળકોની સંસ્થા) કોડીનારના સંયુક્ત ઉપક્રમે ૯૨ કોડીનાર વિધાનસભા મતવિસ્તારમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૭૩ થી વધુ દિવ્યાંગજનો અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમમાં જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા ચુંટણી અધિકારી ગીર સોમનાથના પ્રતિનીધી તરીકે તાલુકા વિકાસ અધિકારી ભૂપેન્દ્રભાઈ બગથરીયા, તાલુકા શિક્ષણ અધિકારી મનીષભાઈ વન્દ્રા, નાયબ તાલુકા વિકાસ અધિકારી વિકાસભાઈ મોરી, જિલ્લા સમાજ સુરક્ષા કચેરી ગીર સોમનાથના સમાજ સુરક્ષા સહાયક તનવીરભાઈ ચાવડા તથા જીવનદીપ સંસ્થાના આરીફભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમની શરૂઆત સંસ્થાના દિવ્યાંગ બાળકો તથા ઉપસ્થિત લોકે પ્રાર્થના કરી શરુ કરવામાં આવેલ હતો ત્યાર બાદ સંસ્થાના આરીફભાઈ ચાવડાએ ઉપસ્થિત મહાનુભાવો તથા દિવ્યાંગજનો અને તેમના વાલીઓનું શબ્દોથી સ્વાગત કરેલ તથા દિવ્યાંગજનો માટેની ચુંટણી પંચ ની સક્ષમ (સ્વાવલંબન) એપ્પ વિષે સવિશેષ જાણકારી આપેલ હતી ત્યારબાદ જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના સમાજ સહાયક તનવીરભાઈ ચાવડા દ્વારા ચૂંટણી કમિશ્નર દ્વારા આપવામાં આવેલ પ્રતિજ્ઞા પત્ર મુજબ તમામને મતદાન કરવા માટેની પ્રતિજ્ઞા લેવડાવેલ હતા તથા મતદાન મથક પર કોડીનાર તાલુકામાં જીવનદીપ સંસ્થાના સહયોગથી અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્હીલચેર, બ્રેઈલ સ્ટીકર તેમજ બહેરા-મૂંગા લોકો માટે સાઈન લેંગ્વેજ સ્ટીકર તથા દરેક બૂથ ઉપર બી.એલ.ઓ અને સહાયક ઉપસ્થિત હોય છે. તાલુકા શિક્ષણ અધિકારી મનીષભાઈ વન્દ્રાએ જણાવ્યું હતું કે મતદાન કરવા જાવ ત્યારે વહીવટી તંત્ર તરફથી મતદાન બૂથ પર ઉપલબ્ધ સેવાઓ વિષે વિશેષ માહિતી આપવામાં આવી હતી ત્યાર બાદ કાર્યક્રમના અધ્યક્ષ અને તાલુકા વિકાસ અધિકારી ભુપેન્દ્રભાઈ બગથરીયાએ લોકે ને અપીલ કરતા જણાવ્યું હતું કે અગામી આપણી લોકસભાના મતદાનના દિવસે આપણે બધા અવશ્ય અને અચૂક આપણા મતનું દાન કરી લોકશાહીના આ પર્વને ખુબ હોશે હોશે ઉજવીએ અને આપણે ભારતીય નાગરિક તરીકે મળેલ અધિકારનો ઉપયોગ કરી અચૂક મતદાન કરીએ અને અન્ય લોકોને ને પણ પ્રેરણા આપીએ કે તેઓ પણ મતદાન થકી લોકશાહીના આ પર્વને ઉજવવા સહભાગી બને તેમજ બહેનોની ભાગીદારી દરેક ક્ષેત્રમાં સફળતા પૂર્વક વધીરહી છે ત્યારે મતદાન કરવામાં પણ બહેનો ખાસ આગળ રહે તેવી અપીલ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ કોડીનારના રાકેશભાઈ બેરડીયા, ડો.ભરતભાઈ રાઠોડ, નિકુંજભાઈ ચૂડાસમા, નાઝીમાંબેન જુણેજા, એકતાબેન જાદવ, ભાવનાબેન રાઠોડ, અમીતાબેન ચાવડા જહેમત ઉઠાવી હતી.

## ગીર સોમનાથ સાગર સરહદને સુદ્રઢ, જડબેસલાક બનાવવાના ભાગરૂપે

# સોમનાથ જીલ્લા પોલીસ દ્વારા સાગર સુરક્ષા કવચ







(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૭

ગીર સોમનાથ જીલ્લાનો ૧૦૦ કિ.મી.થી પણ વધારે સરહદી સાગર કિનારો હોઈ ગીર સોમનાથ યશસ્વી જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાની આગેવાની હેઠળ સોમનાથથી નવાબંદર સુધી સમગ્ર દરીયાને ખુંદી દરીયાઈ સરહદ સુદ્રઢ અને સર્તક છે તેવી પ્રતિતી રૂપ સાગર સુરક્ષા કવચ યોજાયું જેમાં જીલ્લા પોલીસ વડા મનોરહસિંહ જાડેજા, નાયબ પોલીસ અધિક્ષક એલસીબી પોલીસ અધિકારી એ.બી. જાડેજા તથા સ્ટાફ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ. જે.એન. ગઢવી, દરીયાઈ સરહદના તમામ પોલીસ થાણા અધિકારીઓ, સ્ટાફ, બંદર વિભાગ, ફસરીઝ કોસ્ટગાર્ડ તેમજ સુરક્ષા એજન્સીઓએ ભાગ લીધો. તા.૨૪ એપ્રિલ સવારના છ વાગ્યાથી, તા.૨૫ એપ્રિલ રાત્રીના ૮ વાગ્યા સુધી સતત ૪૮ કલાક આ કવચ ડ્રીલ યોજાઈ જેમાં ૬ બોટોનો ઉપયોગ કરવામાં આવ્યો અને દરીયામાંથી આતંકવાદી હુમલો કરવા આવી હેલ ડમી ૭ બોટોને પકડી પાડવામાં આવેલ. આ સાગર સુરક્ષા કવચમાં દુરબીન, વાયરલેસ સેટસ, બેટરી, હથિયારો સાથેના જવાનો સરકારી વાહનો ખડેપગે રહ્યા.

**સાગર સુરક્ષા કવચ શું છે**

સાગર સુરક્ષા કવચ એટલે ભવિષ્યમાં દરીયાઈ માર્ગે કોઈપણ આતંકવાદી કે, ડ્રગસ હેરફેર કે રાષ્ટ્રવિરોધી પ્રવૃતિનો જડબેસલાક સજજડ સામનો કરી શકાય તે માટે દર છ માસ અંતરે ડમી ગોઠવી ફરજ ઉપર જવાનો એ પકડવા સર્તક અને બાજ નજર તથા હિંમતપૂર્વક બાથ ભીડવા સજજ રહે તે માટે નિયમીત રીતે જાણકારી અને ચકાસણી માટે યોજાતી મોક ડ્રીલ હોય છે. આ સાગર સુરક્ષા કવચ પૂર્ણ થયા બાદ તેનું નિરીક્ષણ, ક્ષતિ, અપનવવા જેવી પધ્ધતીઓનું અવલોકન કરાય છે. વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું મંદિર ઝેડ પ્લસ લોખંડી સુરક્ષા કવચ ધરાવતું સાગર કાંઠે આવેલું મંદિર છે જેને પણ આ સાગર સુરક્ષા કવચમાં આવરી લેવાય છે.

# માંગરોળના શીલ નજીક અને ખરેડા ફાટક પાસે વહીવટી તંત્ર દ્વારા પાણીના પરબ શરૂ કરાયા

## લોકોની તરસ છીપાવવાની સાથે સ્થાનિક સ્વયં સેવકો, તલાટી મંત્રી સહિતના કર્મચારી અવશ્ય મતદાન કરવા માટે કરી રહ્યા છે પ્રેરિત





જૂનાગઢ, તા.૨૭

તાપમાનનો પારો ઉપર ચડતો જાય છે, ત્યારે આ ભારે ગરમીમાં લોકોને રાહત મળી રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા માંગરોળના શીલ નજીક અને ખરેડા ફાટક પાસે પાણીના પરબ શરૂ કરવામાં કરવામાં આવ્યા છે. આ પાણીના પરબના માધ્યમથી લોકોની તરસ તો છીપાવવામાં આવી રહી છે. આ સાથે તંત્ર દ્વારા લોકોને તા.૭મી મે અચૂક મતદાન કરવા માટે પણ પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે માંગરોળના તાલુકા વિકાસ અધિકારી આર.વી. ઓડેદરા કહે છે કે, ભારે ગરમીમાં લોકો હાઈડ્રેટ રહે તે ખૂબ જરૂરી છે. આ માટે તંત્ર દ્વારા જુદા જુદા ગામડાઓને જોડતા માર્ગના સ્થળે પાણીના પરબ શરૂ કરવામાં આવ્યા છે. આ પાણીના પરબ એક રીતે વિશિષ્ટ પરબ બન્યા છે, અહીંયા લોકોને ઠંડુ પાણી પીવડાવવામાં આવી રહ્યું છે. સાથે જ તા.૭મી મેના રોજ અચૂક મતદાન કરવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. લોકસભા સામાન્ય ચૂંટણીમાં દરેક મતદાતા મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી બને તે માટે જરૂરી સંદેશ આપવામાં આવી રહ્યો છે. આમ, હિતવેવથી બચવા માટે પાણી પીવું જરૂરી છે, સાથે જ લોકશાહીમાં મતદાન અવશ્ય કરવું જરૂરી છે. ઉપરાંત મતદાન જાગૃતિ અર્થે બેનર પણ લગાવવામાં આવ્યા છે. તેમજ આ પાણીના પરબ ચલાવવા અને મતદાન જાગૃતિનો સંદેશ આપવા માટે સ્થાનિક સ્વયં સેવકો ઉપરાંત તલાટી મંત્રી અન્ય કર્મચારી-અધિકારી પણ જહેમત ઉઠાવી રહ્યા છે.

# ભારતે ફિલિપાઈન્સને બ્રહ્મોસ મિસાઈલ આપ્યા બાદ ચીન ધૂંધવાયુ

## ભારતે ફિલિપાઈન્સને સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બ્રહ્મોસની ડિલીવરી કરી દીધા બાદ ચીન સમસમી ગયું છે

બેઈજિંગ, તા.૨૭

ફિલિપાઈન્સ અને ચીન વચ્ચે સાઉથ ચાઈના સીમાં આવેલા ટાપુની માલિકીને લઈને ખટરાગ ચાલી રહ્યો છે ત્યારે જ ભારતે સમયસર મિસાઈલ મોકલી આપ્યા છે. જેના પર ચીનની સેનાએ પ્રતિક્રિયા આપી છે.

ચીનની સેનાના પ્રવકતા વૂ કિયાને કહ્યુ છે કે, 'ભારત અને ફિલિપાઈન્સ વચ્ચેના સુરક્ષા સહયોગમાં કોઈ ત્રીજા દેશના હિતને નુકસાન ના થાય તે વાતનુ બંને દેશો ધ્યાન રાખે. ચીન હંમેશા બે દેશો વચ્ચે સંરક્ષણ ક્ષેત્રની ભાગીદારીના કારણે કોઈ ત્રીજા દેશને નુકસાન ના જાય અને પ્રાદેશિક શાંતિ જોખમાય નહીં તે સિધ્ધાંતમાં વિશ્વાસ કરતુ આવ્યુ છે. 'સાથે સાથે કિયાને અમેરિકાની ટીકા કરીને કહ્યુ છે કે, 'ફિલિપાઈન્સમાં અમેરિકાએ મધ્યમ અંતરની બેલેસ્ટિક મિસાઈલની તૈનાતી કરીને આ વિસ્તારની સુરક્ષા અને શાંતિ સામે મોટો ખતરો ઉભો કર્યો છે.

ચીનની અકળામણનુ કારણ એ છે કે, ફિલિપાઈન્સ સાથે ચીનનો સાઉથ ચાઈના સીમાં આવેલા થોમસ શોલ તથા સ્કારબોરો શોલ નામના ટાપુની માલિકીને લઈને વિવાદ ચાલી રહ્યો છે. ફિલિપાઈન્સે ચીનની દાનત પારખી જઈને ભારત સાથે બ્રહ્મોસ મિસાઈલ માટે ડીલ કરી છે. ભારત પણ ચીનની સામે પડેલા ફિલિપાઈન્સને મદદ કરી રહ્યુ છે. ભારત અને ફિલિપાઈન્સ વચ્ચે બ્રહ્મોસ માટે ૨૦૨૨માં સોદો થયો હતો.જેના ભાગરૂપે ભારત બ્રહ્મોસ મિસાઈલની ત્રણ બેટરી, તેને ઓપરેટ કરવા માટેની ટ્રેનિંગ અને હેરફેર કરવા માટેનો સપોર્ટ પૂરો પાડશે. ભારતે ફિલિપાઈન્સને આપેલા બ્રહ્મોસ મિસાઈલની રેન્જ ૨૯૦ કિલોમીટર છે અને તે અવાજની ઝડપ કરતા બે થી ત્રણ ગણી ઝડપથી પોતાના લક્ષ્યાંક પર પ્રહાર કરી શકે છે.

## દિલ્હી હાઈકોર્ટમાં વોટ્સએપે સ્પષ્ટ કહ્યું

# જો સરકાર મજબૂર કરશે તો ભારત છોડી દઈશું : Whatsapp

નવી દિલ્હી, તા.૨૭

દિલ્હી હાઈકોર્ટ માં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપે સ્પષ્ટ કહ્યું છે કે જો તેને મેસેજ એક્રિપ્શન હટાવવા માટે મજબૂર કરવામાં આવશે વોટ્સએપ ભારતમાં અસરકારક રીતે બંધ થઈ જશે. મેટા-માલિકીની કંપની (Mªa-owned company) વ્હોટ્સએપે હાઈકોર્ટમાં વધુમાં કહ્યું હતું કે 'યુઝર્સની પ્રાઈવસી એન્ડ-ટુ-એન્ડ એક્રિપ્શન દ્વારા સુરક્ષિત છે. આના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવે છે કે મેસેજ મોકલનાર અને રીસિવ કરનાર જ અંદરના કંટેટ જાણી શકે છે.' ઉલ્લેખનીય છે કે વોટ્સએપે આ વાત ઈન્ફોર્મેશન ટેકનોલોજી નિયમ ૨૦૨૧ (IT Rules 2021)ને પડકારતી વખતે આ વાત કહી છે. એક અહેવાલ અનુસાર, વોટ્સએપ વતી કોર્ટમાં હાજર રહેલા વકીલ તેજસ કારિયાએ ડિવિઝન બેંચને જણાવ્યું હતું કે, 'લોકો પ્રાઈવસી ફીચર્સને કારણે જ વોટ્સએપનો ઉપયોગ કરે છે. કંપનીં નિયમો ૨૦૨૧ને પડકારી રહી છે, જેમાં મેસેજ ટ્રેસ કરવાની અને મોકલનારને ઓળખ કરવાની વાત કરવામાં આવી છે. કંપનીની દલીલ છે કે આ કાયદો એનક્રિપ્શનને નબળો પાડશે અને ભારતીય બંધારણ હેઠળ યુઝર્સની પ્રાઈવેસીના રક્ષણનું ઉલ્લંઘન થશે.'

નોંધનીય છે કે ગયા વર્ષે આયોજિત એક મેટા પ્રોગ્રામમાં કંપનીના સીઈઓ માર્ક ઝકરબર્ગે કહ્યું હતું કે, 'ભારત એક એવો દેશ છે જે સૌથી આગળ છે. લોકો અને વ્યવસાયો મેસેજિંગને કેવી રીતે અપનાવે છે તેમાં આપ (ભારત) વિશ્વનું નેતૃત્વ કરી રહ્યાં છો.' વોટ્સએપનું કહેવું છે કે નિયમો કન્ટેન્ટના એક્રિપ્શન અને યુઝર્સની પ્રાઈવેસીને નબળી પાડે છે. વકીલ કારિયાએ વધુમાં કહ્યું હતું કે, વોટ્સએપના વકીલ કારિયાએ વધુમાં કહ્યું હતું કે, 'વિશ્વમાં બીજે ક્યાંય આવો નિયમ નથી. બ્રાઝિલમાં પણ નહીં. આપણે આખી સાંકળ રાખવી પડશે અને અમને ખબર નથી કે કયા મેસેજને ડિક્રિપ્ટ કરવા માટે કહેવામાં આવશે. આનો અર્થ એ છે કે લાખો અને કરોડો મેસેજને ઘણા વર્ષો સુધી સ્ટોર કરવા પડશે.'

# ગુજરાતના ડુંગળી પકવતા ખેડૂતોને લાભ મળતા ગુસ્સે ભરાયા મહારાષ્ટ્રના ખેડૂતો

## કેન્દ્ર સરકારે ૨૦૦૦ ટન સફેદ ડુંગળીના નિકાસની પરમિશન આપી છે તેનો ફાયદો ગુજરાતના ખેડૂતોને

નવી દિલહી, તા.૨૭

ડુંગળીના એક્સપોર્ટ પર પ્રતિબંધ છતાં કેન્દ્ર સરકારે એક એવો નિર્ણય લીધો, જેનાથી ગુજરાતના ખેડૂતોને સીધો ફાયદો થઈ રહ્યો છે. આ ફાયદો થતા મહારાષ્ટ્રના ખેડૂતોએ વિરોધ દર્શાવ્યો છે. એક્સપોર્ટ પર પ્રતિબંધ છતાં કેન્દ્ર સરકારે ૨૦૦૦ ટન સફેદ ડુંગળીના નિકાસની પરમિશન આપી છે. તેનો ફાયદો મુખ્ય રીતે ગુજરાતના ખેડૂતોને મળશે. કારણ કે, ગુજરાતમાં સફેદ ડુંગળીની ખેતી વધારે થાય છે.

લોકસભા ચૂંટણી વચ્ચે લેવાયેલા આ નિર્ણય અંગે કેટલાક ખેડૂતો વિરોધ કરી રહ્યાં છે. તેઓએ વિરોધ દર્શાવ્યો કે, ગુજરાતના ખેડૂતોને જ ખુશ કરવાનો પ્રયાસ સરકાર દ્વારા કરાઈ રહ્યો છે. ડાયરેકટર જનરલ ઓફ ગુડસ એન્ડ સર્વિસ ટેકસ દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિસમાં જણાવાયું કે, સફેદ ડુંગળીના નિકાસની પરમિશન માત્ર ત્યારે જ આપવામાં આવશે, જ્યારે ગુજરાતના બાગાયતી આયુક્ત નિકાસ કરવામાં આવતી વસ્તુ અને માત્રાને પ્રમાણિત કરાશે. તેથી મહારાષ્ટ્રના ખેડૂત નેતાઓએ વિરોધ દર્શાવતા કહ્યું કે, માત્ર ગુજરાતના જ ખેડૂતોને ફાયદો અપાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સફેદ ડુંગળીની એક્સપોર્ટ કરવાના નોટિફિકેશમાં એવી કોઈ શરત રાખવામાં આવી નથી કે, તેનું નિકાસ નેશનલ કો-ઓપરેટિવ એકસપોર્ટસ લિમિટેડ જ કરશે. પરંતુ તેમાં માત્ર એટલુ ઉલ્લેખ કરાયું છે કે, મુન્દ્રા અને પીપાવાવના ગુજરાતના પોર્ટ કે મુંબઈના ન્હાવા શેવા પોર્ટના માધ્યમથી કરવામોં આવવુ જોઈએ. આ વિશે મહારાષ્ટ્ર ડુંગળી ઉત્પાદક સંગઠનના અધ્યક્ષ ભારત દિઘોલેએ જણાવ્યું કે, ચૂંટણીમાં ગુજરાતના ભાજપના નેતા પોતાના ખેડૂતોને ફાયદો અપાવવા માટે આ પ્રકારના નિર્ણયો લઈ રહ્યાં છે. જ્યારે કે, મહારાષ્ટ્રના નેતા કેન્દ્ર સરકારની સામે નતમસ્તક છે. ભલે ખેડૂતોને નુકસાન કેમ ભોગવવું ન પડે. મહારાષ્ટ્ર ડુંગળીનં સૌથી મોટુ ઉત્પાદન કેન્દ્ર છે અને હાલ ડુંગળીનું એક્સપોર્ટ બંધ હોવાને કારણે દરેક ખેડૂતને લાખોનું નુકસાન થઈ રહ્યું છે. મહારાષ્ટ્રના ખેડૂત નેતાઓ ૨૦૦૦ ટન સફેદ ડુંગળીની નિકાસને ચૂંટણીલક્ષી જાહેરાત તરીકે જોડી રહ્યાં છે. કારણ કે ગુજરાત દેશમાં સફેદ ડુંગળીનું મુખ્ય ઉત્પાદક અને નિકાસકાર છે. ભાવનગર અને અમરેલી જેવા જિલ્લાઓમાં સફેદ ડુંગળીનું સારું ઉત્પાદન છે. ગુજરાતમાં ૭ મેના રોજ ચૂંટણી યોજાવાની છે. એવું કહેવાય છે કે સફેદ ડુંગળીનું ૮૦ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે, જ્યારે ૨૦ ટકા મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં થાય છે.



મતદાનના દિવસે આંગળી ઉપર થતું કાળું ટપકું દેશનો અંધકાર દુર કરશે?



મતદાન કરી અને આપણે ચુંટણી પર્વની ઉજવણી કરીશું?



કરીશું આપણે સૌ મતદાન, વધારશું લોકશાહીની શાન..

### માસ્તર મારે પણ નહી અને ભણાવે પણ નહીં તેવા મતદારોના વલણ વચ્ચે

# ૪૦૦ + ના લક્ષ્યાંક સાથે ૨૦૨૪ની લોકસભાની ચુંટણી મેદાનમાં ઉતરેલા ભાજપની મુંઝવણ

## બેરોજગારી, વધતી જતી મોંઘવારીથી પિડીત યુવાનો 'ભાજપ' સરકારના કામથી અસંતુષ્ઠ હોવા છતા 'મોદી' પર વિશ્વાસ

## ગુજરાતમાં ૨૬-૨૬ બેઠક કબ્જે કરવાના ભાજપના મનસુબા પર પાણી ફરી વળશે તેવા સંકેતો!

**લોકસભા ચુંટણી ચક્રાવો**
**ગોરધન પાઘડાર**
**(સિનીયર પત્રકાર)**

જૂનાગઢ તા. ૨૭

૪૦૦ + ના લક્ષ્યાંક અને ઓછામાં ઓછી પાંચ લાખની સરસાઈ સાથે ગુજરાતમાં ૨૬ બેઠકો કબ્જે કરવાની 'નેમ' સાથે આ વખતની સામાન્ય લોકસભની ચુંટણી અંગેની તમામ તૈયારીઓ સત્તાધારી પક્ષ ભાજપે ઘણા સમય પહેલા કરી લીધેલ અને તે અંગે પક્ષનાં જે તે નેતાઓને જવાબદારીઓની વહેંચણી પણ કરી દેવામાં આવેલ. જેના ભાગરૂપે ભાજપે ચુંટણીની જાહેરાત થાય તે પહેલા જ કેટલીક બેઠકોના ઉમેદવારોની પ્રથમ યાદી બહાર પાડી દીધેલી. જેના કારણે ઘણા ઉમેદવારો સામે પક્ષમાં અંતઃકલહ એટલો જોરદાર ફાટી નીકળતા બે બેઠકોના ઉમેદવારોને ભાજપના મોવડીઓને બદલવાની ફરજ પડેલી પરંતુ ડેમેજ કંટ્રોલના કારણે મોટાભાગનો ભાજપના આગેવાનો-કાર્યકરોનો રોષ ઠારવા ભાજપના મોવડીઓ અશંતઃ સફળતા મેળવે ત્યાં જ રાજકોટની બેઠક પરના જાહેર કરેલા ઉમેદવાર પરસોતમ રૂપાલાના વાણી વિલાસના પડઘા ધીરે ધીરે એટલા વ્યાપક બનવા લાગ્યા કે ગુજરાતભરનો ક્ષત્રિય-રાજપૂત સમાજ લગભગ ભાજપ સામે મુકાઈ ગયો છતા ભાજપે રૂપાલાને બદલ્યા નહીં પરિણામ સ્વરૂપે ગુજરાતમાં પ્રથમ જે પ્રકારનો ચુંટણી માહોલ ભાજપ તરફી જોવા મળતો હતો તેમાં ઘણો બદલાવ તો આવ્યો સાથો સાથ ભાજપ અને રાજપુત સમાજના રાજકીય ઝઘડાના કારણે 'ઈતર સમાજ'માં પણ ભાજપ પ્રત્યે નિરસતા ભર્યુ વાતાવરણ અત્યારે ગુજરાતભરમાં જોવા મળેલ છે જેમાં અંદાજે પાંચથી સાત બેઠકો મતલબ કે રાજપુત-ક્ષત્રિય સમાજ પ્રભાવિત એવી બેઠકો ભાજપના હાથમાંથી કદાચ સરકી જાય તો નવાઈ નહીં તેવું રાજકીય પંડીતોનું તારણ પ્રથમ રાઉન્ડની ૧૦૨ બેઠકો પર થયેલા મતદાનની ટકાવારી પરથી કાઢેલું જોવા મળે છે. ભાજપના કેન્દ્રીય શાસન કરવા સ્થાનિક રાજયકક્ષાના ભાજપના દિન પ્રતિદિન ખોખલા બનતા જતા શાસન સામે આમ જનતા ભારે અસંતોષ તો છે. સાથો સાથ ખુદ ભાજપના જ સંખ્યાબંધ કાર્યકરોમાં અંદર ખાતે એટલોજ રોષ જોવા મળે છે. જેના કારણે મતદારોમાં જે પ્રકારનો ઉત્સાહ હોવો જોઈએ તે જોવા મળતો નથી. એટલું જ નહીં ૧૮ વર્ષ પુરા કરી યુવાનીમાં થનગનતા યુવાનોમાં આ વખત મત આપવાની ઈચ્છા જોવા મળતી નથી. આવી લાગણી (તારણ) રાજકીય તજજ્ઞોમાં દિન પ્રતિદિન પ્રબળ બનતી જાય છે. મતલબ કે આ વખતની લોકસભાની ચુંટણીમાં મતદારોમાં ઉત્સાહનો અભાવ છે.

સામાન્ય રીતે મોટાભાગના મતદારો અંતરઆત્માના અવાજનો નિર્ણાયક પડઘો પાડી શકતા નથી અવઢવામાં છે કે 'મોદી'ને ત્રીજી તક આપવી કે પછી એકાદ બે દશકાથી રાજકીય વનવાસ ભોગવતી કોંગ્રેસને પુનઃ તક આપવી.

મજબુત અને સ્થિર શાસનની દ્રષ્ટીએ 'મોદી' આજે પણ નંબર વનજ છે અને કોંગ્રેસ પાસે કોઈ કહી શકાય તેવો મોદીનો હરીફ એવો લોકોમાં વિશ્વાસ જગાવી શકે તેવો બળુકો નેતા જ નથી. તેની પ્રતિતિ એટલે 'સુરત'ની કોંગ્રેસની ભવાઈ ખાસ કરીને પ્રદેશ કોંગ્રેસના નેતાઓની આવી મોટી 'ગળાફાડ' રાજકીય હરીફાઈમાં કોંગ્રેસના પ્રદેશ નેતાઓએ જે કાળજી-ચિવટ સાથે રાજકીય પ્રવાહો પર બાજનજર રાખવી જોઈએ તે રાખવામાં આવેલ ન હોવાની છાપ જનતામાં તો ઠીક કોંગ્રેસના રહયા-સહયા પ્રમાણિક-નીતિવાન એવા કોંગ્રેસના સિધ્ધાંતોને વહેલા નાના-મોટા નેતાઓ-કાર્યકરોમાં પણ ઉઠી છે. તે પણ મતદારો ઉપરાંત ભાજપ-કોંગ્રેસના કાર્યકરોમાં નિર્ણયશક્તિ મંદ પડતી જતી હોવાનું પણ એક કારણ મનાય છે. આમ જોઈએ તો ગુજરાતમાં તળીયાથી લઈને નાના એવા ગામડાની ગ્રામ પંચાયતથી લઈને છેક રાજયકક્ષા સુધીના ભાજપના શાસનથી જનતા એક યા બીજા પ્રકારે અસંતુષ્ઠ જોવા મળે છે. છતાં રાજકીય પંડીતો એક વાતની આશ્ચર્ય નોંધ એ પણ લીધી છે કે, સત્તાધારી ભાજપ પક્ષ સામે જોઈએ તેવી નારાજગી દેખાતી નથી તેના કારણમાં એવું પણ બની શકે કે જનતા પાસે ભાજપનો કોઈ બીજો વિકલ્પ દેખાતો નથી.

જનતા જેમ નારાજગી દેખાડતા નથી તેમ ભાજપને ફરીથી ચુંટાવા બાબતનો પણ કોઈ ઉત્કૃષ્ટતા એવંમ્ ઉત્સાહ દેખાતો નથી. તો સામે પક્ષે રાષ્ટ્રીય કોંગ્રેસ સહિતના પ્રાદેશિક પક્ષો પણ સરકાર સામે કે તેમની તરફેણમાં રાજકીય લહેર ઉભી કરવામાં અત્યાર સુધી અસમર્થ દેખાય છે.

જો રમુજમાં વેપારી ભાષામાં કહીએ તો શેર બજારમાં ભલે 'આખલો' ફાટીને ધુંવાડે ગયો હોય પણ ચુંટણીના રાજકારણ રૂપી બજારમાં ભયંકર મંદીનું વાતાવરણ જોવા મળે છે. જો યુવાનો સંબંધી બાબતો પર નજર કરીએ તો આજકાલ ભાજપ શાસિત કે પછી કોંગ્રેસ શાસિત રાજયો અને કેન્દ્રમાં ભાજપ દ્વારા મોદીના વડપણ હેઠળ આપણને એવંમ્ જનતાને 'શાસન' સેવા મળી રહે છે તેમાં દેશના યુવાનોને કોઈ મોટું આશાનું કિરણ દેખાતુ નથી.

જો આપણે રાજકીય તજજ્ઞો પર વિશ્વાસ મુકીએ તો ગત લોકસભાની ચુંટણીમાં યુવાનોએ મોટી સંખ્યામાં મતદાન કરેલું હતુ જે મોટાભાગે ભાજપ તરફી કરવામાં આવ્યું હતું પરિણામે ભાજપને શ્રેષ્ઠ મતોની ટકાવારી તો મળી સાથો સાથ વધુ બેઠકો સાથે પુનરાગમન થવામાં યુવા મતદારોનો સિંહફાળો હતો તેનું કારણ એ છે કે, જયાં -જયાં યુવાનોએ ઉત્સાહ પુર્વક મતદાન કરેલું હતું તેવી ઘણી બેઠકો ભાજપે ઓછામાં ઓછી સરસાઈ માર્જીનથી જીતી હતી. જેમાં ઉત્તરપ્રદેશમાં આવી બેઠકો ૧૮ થી ૨૦ જોવા મળી હતી તે જોતા ૨૦૨૪ના પ્રથમ રાઉન્ડમાં ૧૦૨ બેઠક પર થયેલા મતદાનની ટકાવારી ૭ થી ૮ ટકા ઘટી છે. તે જોતા કદાચ ગત વખત ઓછા માર્જીનથી જીતવામાં આવેલ બેઠકો પરના રાજકીય પ્રવાહોમાં જો બદલાવ આવે તો ભાજપે માંડેલું ગણિત એવા સમીકરણો બગાડી જાય તેવું રાજશાસ્ત્રીઓ માની રહયા છે. હવે સૌથી વધુ રાજશાસ્ત્રીઓને એ પ્રશ્ન મુંઝવી રહયો છે કે એવું તે શું બન્યું છે કે મતદારોમાં હજુ સુધી ઉત્સાહ પેદા થતો જોવા મળતો નથી. એક અંદાજ મુજબ ગુજરાતના યુવાનો ભાજપના શાસનથી તેઓને પુરતા પ્રમાણમાં સંતોષ નથી તો 'સરકાર' સામે શા માટે રોષ પ્રગટ કરવામાં નિષ્ફળ રહયા છે. રાજકીય તજજ્ઞોનું માનવું છે કે, યુવાનો ભાજપના શાસનથી સંતુષ્ઠ નથી છતાં પણ તેઓનો વિશ્વાસ 'વિપક્ષ' કરતા ભાજપના મોદી ઉપર વધુ જોવા મળે છે.

ટુંકમાં ભાજપના મોદી પર યુવાનો હજુ સંપુર્ણ વિશ્વાસ ગુમાવી દીધો નથી. એટલે કદાચ એવું પણ હોય શકે કે મોદી સરકારને ત્રીજી વખત તક આપવાની બાબતમાં યુવાનો સહિતના મતદારોની સંખ્યામાં સારો એવો ઘટાડો નોંધાયેલો જોવા મળે છે. આ જોતા રાજકીય બાબતોના નિષ્ણાંતોનું કહેવું માનીએ તો શાસક પક્ષ ભાજપ માટે આ વખતની ચુંટણીના પરિણામો આરામદાયક તો નથીજ. તો સામે વિપક્ષ કોંગ્રેસ કે તેમના ગઠબંધન 'ઈન્ડિયા'ને આશ્વાસન મળી રહે તેવું પણ નથી. મતલબ કે આ વખતે મતદારોનું 'માનસ' 'મહેતો પણ નહી ને ભણાવે પણ નહીં' તેવું જોવા મળે છે. હવે ભાજપના ત્રીજી વખતના પુર્નરાગમન તરફ જોઈએ તો આઝાદી પછીની ચુંટણીના ઈતિહાસ દર્શાવે છે કે, ૧૯૬૨ માં પંડીત જવાહરલાલ નહેરૂએ પોતાને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા માટે દેશના મતદારો સમક્ષ પોતાનો દાવો રજુ કરેલો. અને જનતાએ પંડીત નહેરૂ ઉપર અથાગ વિશ્વાસ સાથે તેમનો દાવો સ્વીકારીને કોંગ્રેસ પક્ષને ૩૬૧ થી પણ વધુ બેઠકો આપી હતી. ત્યારે લોકસભામાં સૌથી મોટા વિપક્ષ તરીકે 'સામ્યવાદી' પાર્ટી હતી.

આ વખતની ૨૦૨૪ ની લોકસભાની ચુંટણીમાં મોદીએ જનતા સમક્ષ ૪૦૦+ નો દાવો મુકીને પોતાને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા મકકમ ઈચ્છા બતાવી છે પરંતુ ૧૯૬૨ માં જવાહરલાલ નહેરૂ કરતા આજે ૨૦૨૪માં મોદીની સ્થિતી જુદી છે. પ્રાદેશિક રાજકારણે દેશમાં વિવિધ રાજયોમાં સારૂં એવું કાઠું કાઢયું છે અને આ બધા પ્રાદેશિક પક્ષોએ પોત-પોતાના રાજયોમાં અગાઉ કરતા આ વખતે વધુ રાજકીય પ્રભુત્વ ધરાવી રહયા છે.

### રાષ્ટ્રીય વિકાસ માટે નવીનીકરણનું અનુંકરણ કરી ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીના સંરક્ષણ માટેની એક સહાયક ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા

# મારવાડી યુનિવર્સિટીએ વર્લ્ડ આઈપી ડેના રોજ ૧૦૦ પેટેન્ટ ફાઈલ કરી નવું નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યુ : ધ્રુવ મારવાડી





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૭

નવીનીકરણ અને ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટીના સંરક્ષણ માટેની સહાયક ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા ૧૦૦ પેટેન્ટ્સ ફાઈલ કરીને મારવાડી યુનિવર્સિટીએ વર્લ્ડ આઈપી ડે ૨૦૨૪નીઉજવણી કરી ભારતના ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી લેન્ડસ્કેપમાં નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યુ છે. સંશોધન અને નવીનીકરણમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા મારવાડી યુનિવર્સિટી પેટેન્ટ્સ મેળવવા અને સામાજિક પ્રભાવ પાડવા વર્લ્ડ આઈપી ડેની ઉજવણી જેવી પહેલ મારફતે અમારો ઉદ્દેશ્ય ઈનોવેટર્સની એક નવી પેઢીને પ્રેરિત કરવાનો છે જેઓ આપણાં સમાજમાં એક હકારાત્મક પરિવર્તન લાવી શકે.' તેમ મારવાડી યુનિવર્સિટી ખાતે વર્લ્ડ આઈપી ડેની ઉજવણીએ યોજાયેલ પત્રકાર પરિષદમાં મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી શ્રી ધ્રુવ મારવાડીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવેલ કે, છેલ્લાં બે વર્ષમાં યુનિવર્સિટીના MUIIR સેન્ટરે ૨૧૦થી વધારે આઈપીઆર ફાઈલ કર્યા છે, જેમાં આઈપી ઓફિસ તરફથી ગ્રાન્ટ મેળવવામાં સફળતાનો દર ૭૫% જેટલો ખૂબ જ સારો રહ્યો છે. યુનિવર્સિટીની આ પહેલ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને ઈન્ડસ્ટ્રી પાર્ટનરોમાં ઈનોવેશન અને આંત્રપ્રેન્યોરશિપના કલ્ચરને પ્રોત્સાહન આપવાની કટિબદ્ધતાને દર્શાવે છે. મારવાડી યુનિવર્સિટી ઉદ્યોગો, સંગઠનો, સંસ્થાઓ અને એસોસિયેશનોને આઈપીઆરને ફાઈલ કરવાની તથા દેશના વિકાસમાં યોગદાન આપવાની પ્રક્રિયાને વેગ આપવા માટે સહયોગ સાધવા આમંત્રિત કરે છે. યુનિવર્સિટી ઈનોવેટર્સને તેનો સપોર્ટ પૂરો પાડવા તથા તેના MUIIR સેન્ટર મારફતે પેટેન્ટ ફાઈલ કરવા અંગે માર્ગદર્શન ઈચ્છતા કોઈ પણ વ્યક્તિને સહાયરૂપ થવા માટે અડગ છે. મારવાડી યુનિવર્સિટીએ તેના સેન્ટર ફોર ઈનોવેશન, ઈક્યુબેશન એન્ડ રીસર્ચ (MUIIR) મારફતે ભારતના ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી લેન્ડસ્કેપમાં નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કરીને વર્લ્ડ આઈપી ડે ૨૦૨૪ની ઉજવણી કરી હતી. આ દિવસની ઉજવણી કરવા માટે ૧૦૦ પેટેન્ટ્સ ફાઈલ કરીને મારવાડી યુનિવર્સિટીએ નવીનીકરણને પ્રોત્સાહન આપવાની તેની કટિબદ્ધતાનું પાલન કર્યુ છે. વર્લ્ડ ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી ડે દર વર્ષે ૨૬ એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે. પેટેન્ટ્સ, કોપીરાઈટ, ટ્રેડમાર્ક્સ અને ડીઝાઈન્સ અંગે તથા તે લોકોના રોજબરોજના જીવન ઉપર કેવી રીતે પ્રભાવ પાડે છે તેના અંગે જાગૃતિ પેદા કરવા માટે તથા સર્જનાત્મકતા અને સમગ્ર વિશ્વના સર્જકો અને ઈનોવેટર્સ દ્વારા આપવામાં આવેલા યોગદાનોને સન્માનિત કરવા માટે વર્ષ ૨૦૦૦માં વર્લ્ડ ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO) દ્વારા આ ઈવેન્ટની સ્થાપના કરવામાં આવી હતી. WIPOના સ્ટેટિસ્ટિક્સ મુજબ વર્ષ ૨૦૨૨માં સમગ્ર વિશ્વમાં ૩૪.૫૭ લાખ પેટેન્ટ્સ ફાઈલ કરવામાં આવી હતી. ઈન્ડિયા પેટેન્ટ ઓફિસ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં લગભગ ૮૦,૨૧૧ પેટેન્ટ્સ ફાઈલ કરવામાં આવી હતી. તે ભારતમાં નવીનીકરણો અને આઈડીયાને માન્યતા આપવાની અને તેને પેટેન્ટ કરાવવાની તાત્કાલિક જરૂરિયાત ઉપર પ્રકાશ પાડે છે. શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં નવીનીકરણને પોષવા અને પ્રોત્સાહન આપવા માટે IPR પ્રોટેક્શનના મહત્ત્વને માન્યતા આપવા માટે મારવાડી યુનિવર્સિટીએ કેટલાક સક્રિય પગલાં લીધાં છે, જેથી કરીને આ ઈવેન્ટ મારફતે પેટેન્ટ્સના ફાઈલિંગ અને મંજૂરી આપવાની પ્રક્રિયા અંગે જાગૃતિ ફેલાવી શકાય તથા તેને સુવિધાજનક બનાવી શકાય. વર્લ્ડ આઈપી ડે ૨૦૨૪ના રોજ ૧૦૦ પેટેન્ટ્સ ફાઈલ કરાવવી એ ફક્ત એક પ્રતીકાત્મક કાર્ય નહોતું પરંતુ તે તો યુનાઈટેડ નેશન્સ દ્વારા સ્થાપવામાં આવેલા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (એસડીજી)ને અનુરૂપ રહીને નવીનીકરણને આગળ વધારવાની મારવાડી યુનિવર્સિટીની કટિબદ્ધતાનું મૂર્ત પ્રદર્શન હતું. આ પેટેન્ટ્સ હેલ્થકેર, સેનિટેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કલાઈમેટ એક્શન સહિતના વિવિધ ક્ષેત્રોના ગંભીર પડકારોને ઉકેલવા માટેના ઉપાયોની વૈવિધ્યપૂર્ણ શ્રેણી પૂરી પાડે છે. આવા કેટલાક નોંધપાત્ર નવીનીકરણોમાં આયુર્વેદના સિદ્ધાંતોનું પાલન કરનારી અને ઈમેજ પ્રોસેસિંગ ઉપર આધારિત ડીસીઝ ડીટેક્શન સિસ્ટમ, મૂત્રમાર્ગના ચેપની સારવાર કરવા માટે અને વાયુ પ્રદૂષણને દૂર કરવા માટે કૃષિ અવશેષોનો ઉપયોગ કરનારૂ પોર્ટેબલ યુરિનેશન ડીવાઈઝ તથા દર્દીની સારવાર કરતી વખતે નિયંત્રિત વાતાવરણને જાળવી રાખવા માટેના હોસ્પિટલ બેડ શીલ્ડનો સમાવેશ થાય છે. વધુમાં મારવાડી યુનિવર્સિટીએ સ્ટ્રોક રીહેબિલિટેશન માટે ઈલેક્ટ્રિકલ સ્ટિમ્યુલેટર, પાણીના શુદ્ધિકરણ માટે નેનો-સેલ્યુલોઝ ફાઈબર્સ અને ખેતીની ઊપજમાં નોંધપાત્ર વધારો કરવા માટે સ્માર્ટ એગ્રીકલ્ચર સિસ્ટમ જેવી ક્રાંતિકારી ટેકનોલોજીઓ પણ વિકસાવી છે. રસપ્રદ વાત તો એ છે કે, કેટલાક ઔદ્યોગિક ક્ષેત્રોમાં સંકળાયેલા વિદ્યાર્થીઓના માતા-પિતા પણ પ્રોબલેમ સ્ટેમેન્ટની સાથે મદદરૂપ થવા માટે આગળ આવ્યાં હતાં, જે સમસ્યાઓનું વિદ્યાર્થીઓએ તેમના નવીનીકરણો મારફતે ઉકેલ શોધી કાઢ્યો હતો. મારવાડી યુનિવર્સિટીએ આ નવીન ઉકેલો અને આઈપીઆરને રસ ધરાવતા ઉદ્યોગો, સંસ્થાઓ તેમજ સમાજને ટ્રાન્સફર કરવાની કામગીરી શરૂ કરી છે. આઈપીઆરના સ્વરૂપમાં રહેલી આ પ્રકારની કેટલીક ટેકનોલોજીઓને રસ ધરાવતા ઉદ્યોગોને તેમજ સંસ્થાઓને પણ ટ્રાન્સફર કરવામાં આવી છે, જેના પરિણામે ઈનોવેટર્સને આવક પણ મળવા લાગી છે. યુનિવર્સિટીએ રાજ્ય સરકારના સ્ટુડેન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પ્રોગ્રામ (એસએસઆઈપી)ની સાથે ભેગા મળીને પેટેન્ટ્સને ફાઈલ કરવા માટે રૂા.૧૮ લાખ ખર્ચ્યા હતા. મોટાભાગના પેટેન્ટ્સ ફેકલ્ટી ઓફ એન્જિનીયરિંગ દ્વારા શરૂ કરવામાં આવી હતી. વધુ માહિતી માટે કૃપા કરીને ૬૩૫૯૭૦૧૯૦૨ ઉપર હર્ષલ મિસ્ત્રીનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# રાજકોટ ખાતે સમસ્ત રાજગોર બ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૨૭

હરિ ઓમ મેડિકેર ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી તારીખ ૨૪ એપ્રિલના રોજ રાજકોટ મુકામે સમસ્ત રાજગોર બ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમભાઈ રૂપાલા તેમજ જ્ઞાતિ સંત પૂજ્ય મુક્તાનંદ બાપુ આશીર્વાદ આપવા માટે પધારેલ હતા. સમાજનો જે પ્રશ્ન વર્ષોથી અટવાયેલ છે તે કેન્દ્રમાં ઓબીસીમાં જ્ઞાતિને સમાવવા માટેની રજૂઆત રૂપાલને કરવામાં આવેલ અને તેઓએ આ બાબતમાં હકારાત્મક પ્રતિભાવ આપેલ હતો. હરિ ઓમ મેડિકલ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રાજકોટ મુકામે આવેલ એમ્સ હોસ્પિટલની બાજુમાં આરોગ્ય ભુવન માટે જમીન ઉપલબ્ધ કરાવવા માટેના પ્રશ્ન પણ જરૂરી હકારાત્મક લાગણી રૂપાલા તરફથી વ્યક્ત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી સમાજના પ્રશ્નો બાબતે હરિ ઓમ મેડીકેર ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવેલ કામગીરીને જ્ઞાતિજનો તરફથી સરાહવામાં આવેલ છે તે બદલ સૌ જ્ઞાતિજનોનો ટ્રસ્ટી મંડળ આભાર વ્યક્ત કરે છે. આ કાર્યક્રમમાં પૂજ્ય બાપુ તરફથી એઈમ્સ નજીકમાં આરોગ્ય ભુવન માટે ૫૧ લાખ જેવી મોટી રકમનું અનુદાન જાહેર કરેલ છે જે બદલ ટ્રસ્ટી મંડળ પૂજ્ય મુક્તાનંદ બાપુનો આભાર વ્યક્ત કરેલ હતો.

# ભાણવડ પંથકના કુખ્યાત બુટલેગરને પાસા તળે જેલ હવાલે કરાયો



જામખંભાળીયા તા. ૨૭ : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના મોરઝર ગામના બુટલેગર વિજય ઉગાભાઈ બગડાનો લોકસભાની ચુંટણીને અનુલક્ષીને જીલ્લા કલેકટરે પાસાનું વોરન્ટ કાઢતા ભાણવડ પોલીસે વિજય બગડાને ઝડપી અમદાવાદની સાબરમતી જેલમાં મોકલી આપેલ છે.


Bandhan Bank | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**સાંકેતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ, ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ અને લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | સાંકેતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી રાજેશભાઈ દામોદરભાઈ કાછેલા<br>શ્રી વિરેન રાજેશભાઈ કાછેલા<br>શ્રીમતી હિનાબેન રાજેશભાઈ કાછેલા<br>૨૦૦૦૨૧૬૦૦૦૦૫૯૨ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે આરએસ નંબર ૩૫૭/૧ પાર્ટ, ટી.પી. સ્કીમ નંબર ૪, ફાઈનલ પ્લોટ નં. ૩૬ (મુખ્ય પ્લોટ નં. ૨૮), સબ પ્લોટ નં. ૧,૨,૩, ફ્લેટ નં. ૪૦૩, ચોથો માળ, શામળાજી મહેલ, વિંગ– એ, ગીર– ગઢડા રોડ, ઉના, ગીર સોમનાથ–૩૬૨૫૬૦ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ પેસેજ અને દાદર, પૂર્વઃ કોમન દિવાલ અને ફ્લેટ નં. ૪૦૨, પશ્ચિમઃ કોમન દિવાલ અને ફ્લેટ નં. ૪૦૪, દક્ષિણઃ ૧૨. મીટર ટીપી રોડ | ૧૩.૦૨.૨૦૨૪ | ૨૩.૦૪.૨૦૨૪ | ૩.૬,૯૭,૩૫૮.૫૦ |

સ્થળઃ ઉના
તારીખઃ ૨૭/૦૪/૨૦૨૪

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ

લોકશાહીના પર્વને આવકારવાની સાથે

# જૂનાગઢ જીલ્લામાં મતદારોનો એક જ અવાજ અમે કરશું મતદાન

## જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસીયાના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા મતદાન જાગૃતિના અભિયાનને મળી રહેલો પ્રતિસાદ : મતદાન જાગૃતિના પ્રયાસોથી જૂનાગઢ ગુંજી ઉઠયું










(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૭

આજે જૂનાગઢ શહેર તથા જીલ્લામાં એક અલગ માહોલ ઉભો થયો છે. આગામી લોકસભાની ચૂંટણીને લઈને મતદાર જાગૃતિ માટેના નિતનવા પ્રયાસો તેમજ અમે અવશ્ય મતદાન કરશું તે માટેના શપથ ગ્રહણથી જીલ્લો ગાજી રહ્યો છે. જૂનાગઢ જીલ્લા વહિવટી તંત્ર દ્વારા તમામ મતદારો લોકશાહીના પર્વને બમણા ઉત્સાહથી વધાવવા માટે આગળ આવે અને આગામી તા.૭ મેના રોજ લોકસભાની ચૂંટણી અંતર્ગત જૂનાગઢ બેઠકનું મતદાન યોજાનાર છે. ત્યારે જૂનાગઢ જીલ્લામાં ૧૦૦ ટકા મતદાન થાય તે માટેના તંત્ર દ્વારા ધરખમ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જૂનાગઢ લોકસભાની આગામી યોજાનારી ચૂંટણીમાં મતદારો પુરેપુરૂ મતદાન કરે તે માટેના ધરખમ પ્રયાસો જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસીયાના માર્ગદર્શન હેઠળ જીલ્લા વહિવટી તંત્ર દ્વારા યોજવામાં આવી રહ્યા છે અને તેને લોકોમાંથી ભારે પ્રતિસાદ મળી રહ્યો છે. આ સાથે જ મતદાન જાગૃતિના ફંડાથી જૂનાગઢ જીલ્લો ગુંજી ઉઠયો છે. યુવાથી લઈ સતાયુ મતદારો પણ આગામી ચૂંટણીમાં અવશ્ય મતદાન કરશે તેવા શપથ ગ્રહણ કરવામાં આવી રહ્યા છે. જૂનાગઢ શહેર અને જીલ્લામાં તંત્ર દ્વારા મતદાન જાગૃતિ અભિયાન જોરશોરથી યોજાઈ રહ્યું છે અને અનેકવિધ કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે. દેશભરમાં લોકશાહીના પર્વને આવકારવા અને આ અવસરને બમણા ઉત્સાહથી વધાવવા સાથે લોકસભાની ચૂંટણીના વિવિધ તબક્કાનું મતદાન યોજાઈ રહ્યું છે. દેશમાં આજે લોકસભાની ચૂંટણીનો જવર જોવા મળે છે. રાજકીય પક્ષો ચૂંટણી સભાઓ અને ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે તો બીજી તરફ વિશ્વની સૌથી મોટી લોકશાહી જયાં સ્થાપિત થયેલી છે તેવા ભારત દેશમાં લોકશાહીના આ પર્વને અનેરા ઉત્સાહથી લોકો વધાવવા તે માટેના પ્રયાસો ચાલી રહ્યા છે. દરમ્યાન ગુજરાતની ૨૬ લોકસભાની બેઠકમાંથી એક બેઠક બિનહરીફ થયા બાદ હવે ૨૫ બેઠક માટે આગામી તા.૭ મેના રોજ મતદાન યોજાનાર છે તેમજ વિવિધ વિધાનસભાની પેટા ચૂંટણીનું મતદાન થનાર છે ત્યારે ચૂંટણી પ્રચાર તંત્ર વેગીલુ બન્યું છે તો બીજી તરફ વહિવટી તંત્ર લોકશાહીના આ પર્વને લોકો ઉમળકાથી વધાવી અને અવશ્ય મતદાન કરે તે માટેના પ્રયાસો જોરશોરથી ચાલી રહ્યા છે. જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસીયાના માર્ગદર્શન હેઠળ વહિવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિનું અભિયાન જોરશોરથી ચાલી રહ્યું છે. છેવાડાના મતદાર સુધી પણ આ જાગૃતિ માટેના ફંડા પહોંચ્યા છે. એટલું જ નહી યુવા મતદારોથી લઈ સતાયુ મતદારો પણ મતદાન અવશ્ય કરે તે માટેના સંદેશાઓ તેમજ શપથ ગ્રહણ કરાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત શારિરીક રીતે અશકત તેમજ દિવ્યાંગજનો, શ્રમયોગીઓ તેમજ તમામ પ્રકારના મતદારો મતદાન કરે તે માટેના પ્રયાસો જોરશોરથી હાથ ધરવામાં આવ્યા છે. જીલ્લા વહિવટી તંત્રની સાથે સામાજીક સંસ્થાઓ, સેવાકીય મંડળો, વિવિધ એસોસિએશનો પણ જોડાયા છે અને બસ એક જ ઝુંબેશ હાલ ચાલી રહી છે. લોકશાહીના પર્વ એવા ચૂંટણી મહોત્સવને ઉત્સાહપુર્વક વધાવવા અને બંધારણમાં જે મતદાન માટેનો હક્ક આપવામાં આવેલ છે તે દરેક મતદાર પોતાના મતનો ઉપયોગ કરી શકે અને પસંદગીના ઉમેદવારને મતદાન અવશ્ય આપી શકે તે માટે અનેક વિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ ઉપરાંત કેટલીક જગ્યાએ ડિસ્કાઉન્ટ પણ જાહેર કરવામાં આવેલ છે. તેમજ ફરવા લાયક સ્થળો, જાહેર સ્થળો કે રોજીંદા કામકાજ માટેની કાર્યવાહીમાં પણ મતદાન અવશ્ય કરવું તેના સંદેશા પણ અપાયા છે. આગામી તા.૭ મેના રોજ જૂનાગઢ શહેર અને જીલ્લામાં ૧૦૦એ ૧૦૦ ટકા મતદાન થાય તે માટેની ઝુંબેશને જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસીયાના માર્ગદર્શન જોરશોરથી હાથ ધરવામાં આવી છે.

## નાયબ શિક્ષણ નિયામક, ગાંધીનગરની સૂચનાથી શાળાઓના સમયમાં ફેરફાર કરવા બદલ આભાર વ્યક્ત કરતા મહાગુજરાત વાલી મંડળના મહામંત્રી કિશોરભાઈ ચોટલીયા



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૭

હાલ ગરમીનો પારો ખૂબ તપી રહ્યો છે અને થોડા દિવસો પહેલા પણ આકરા તાપની પરિસ્થિતિ નિર્માણ થવા પામી હતી. જેના અનુસંધાને મહાગુજરાત વાલી મંડળના મહામંત્રી શ્રી કિશોરભાઈ ચોટલિયા એ શાળામાં અભ્યાસ કરતાં બાળકો આવા તડકા, લૂ અને તાપ અર્થાત્ હિટ વેવ થી કેમ બચી શકે એ બાબતે જૂનાગઢ જિલ્લા પંચાયતના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનો સંપર્ક કરતાં તેઓએ સરકાર તરફથી સૂચના આવ્યે તુરંત અમલવારી કરાવવા તથા રજૂઆત યોગ્ય જગ્યાએ પહોંચાડતા સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શાળાનો સમય સવારે ૭ થી ૧૧ કલાકનો કરવા જિલ્લા શિક્ષણ અધિકારીને પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવતા જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા જિલ્લાની તમામ શાળાઓમાં આ પરિપત્રને અમલવારી થાય તે માટે જિલ્લાની શાળાઓને પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવતા ભલે શાળાઓમાં પરીક્ષા પૂર્ણતાને આરે હોય છતાં વિદ્યાર્થીઓ તથા શિક્ષક ગણને ચોક્કસ રાહત મળશે. તેમજ ઉનાળા દરમ્યાન કોઈ ઓપન એર વર્ગો ચાલુ ના રહે આ બાબતે જિલ્લાના તમામ તાલુકાઓને ખાસ કાળજી રાખવા જણાવેલ છે. બાળકોના સ્વાસ્થયને ધ્યાનમાં રાખી સરાહનીય નિર્ણય લેવા બદલ જૂનાગઢ મહાગુજરાત વાલી મંડળના મહામંત્રી કિશોરભાઈ ચોટલિયા આ તકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી લતાબેન ઉપાધ્યાયનો આભાર વ્યક્ત કર્યો હતો અને આ બાબતની સરાહનિય કામગીરીને બિરદાવી હતી.

## ગીર સોમનાથ જીલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં ચુંટણી યોજાય તે માટે પોલીસ તંત્ર એકશન મોડમાં, દારૂના ૧૪૦૨ કેસો કરી ૧૧૨૦ આરોપીઓ ઝડપી પાડયા

### જીલ્લામાં પાસા હેઠળ ૪૦ વ્યક્તિઓને જેલોમાં ધકેલાયા તો ૮૨ને હદપારી કરવામાં આવ્યા
### જીલ્લા પોલીસવડાના નેતૃત્વમાં શાંતિપૂર્ણ માહોલમાં ચુંટણી યોજવા પોલીસ તંત્ર કટીબધ્ધ





(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા.૨૭

ગીર સોમનાથ જીલ્લામાં લોકસભાની ચુંટણી અંતર્ગત નિર્ભયપણે શાંતિના માહોલમાં લોકો મતદાન કરી શકે તે માટે છેલ્લા એક માસની અંદર અસામાજીક તત્વોને જેલની અંદર અને દારૂ, જુગાર, ડ્રગ્સ હેરાફેરી જેવી અસામાજીક પ્રવૃત્તિઓ ડામી દેવા માટે જીલ્લા પોલીસે સપાટો બોલાવતી કડક કાર્યવાહી કરી છે. જે અંગે માહિતી આપતા જીલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાએ જણાવેલ કે, લોકસભાની ચુંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે એલસીબી, એસઓજી ઉપરાંત જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓને અસામાજીક પ્રવૃત્તિઓ ડામી દેવા અને અસામાજીક તત્વો સામે કડક કાર્યવાહી કરવા સુચના આપી હતી. જે અંતર્ગત છેલ્લા એક માસની અંદર એલસીબી પીઆઈ એ.બી. જાડેજાના નેતૃત્વમાં તમામ પોલીસ અધિકારીઓ અને સ્ટાફએ જીલ્લાભરમાંથી માથાભારે વ્યકિતઓ તથા અગાઉ ગુન્હાઓમાં સંડોવાયેલ હોય તેવા વ્યક્તિઓ સામે અટકાયતી પગલા લીધેલ છે. જેમાં સી.આર.પી.સી. કલમ ૧૦૭/૧૧૬ મુજબ કુલ ૧૮૫૬, કલમ-૧૦૯ મુજબ કુલ ૫૨, કલમ-૧૧૦ મુજબ કુલ- ૨૮૮૮, કલમ-૧૫૧ મુજબ કુલ-૧૯૧ મળી કુલ ૪૯૮૭ જેટલા શખ્સો સામે પગલા લીધેલ છે. આ ઉપરાંત પાસા ૪૦, હદપાર ૮૨ તથા પ્રોહિબીશનમાં ૮૮૯ મળી કુલ ૧૦૧૧ માથાભારે શખ્સો વિરૂધ્ધ પાસા તથા હદપારીની દરખાસ્ત કરી કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત જીલ્લામાં દેશી વિદેશી દારૂની હેરાફેરી અને વેંચાણની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા શખ્સો ઉપર વારંવાર દરોડા પાડી દેશી તથા વિદેશી દારૂના કુલ ૧૪૦૨ કેસો કરી ૧૧૨૦ આરોપીઓને ઝડપી પાડવામાં આવેલ છે. આ દરોડામાં દેશી દારૂ લી.૪૭૬૧ કી.રૂા.૯૫ હજાર, ઈંગ્લીશ દારૂની ૫૪૭૫ બોટલો કી.રૂા.૫,૫૫,૯૧૦, ૫૦ જેટલા વાહનો કી.રૂા.૩૧ લાખના જપ્ત કરેલ તથા રૂા.૧૦.૩૦ લાખનો અન્ય મુદામાલ મળી કુલ રૂા.૪૭.૮૪ લાખનો મુદામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે. જીલ્લામાં હથીયાર લાયસન્સ ધરાવતા ૪૩૩ વ્યકિતઓ પાસેથી હથીયાર જમા લેવામાં આવેલ છે. ગેરકાયદેસર હથિયાર ધરાવતા ૪ હથીયાર તેમજ ૫ કાર્ટીજ કબ્જે કરી હથિયારધારાના કેસો તથા ગાંજાનો એક કેસ કરવામાં આવેલ છે.

ગીર સોમનાથ જીલ્લાની બોર્ડર સંઘ પ્રદેશ સાથે જોડાયેલી હોવાથી જીલ્લાભરમાં ચૂંટણી અન્વયે કુલ ૧૧ ચેકપોસ્ટ ઉભી કરવાની સાથે એસએસટીની ૧૫ અને એફએસટીની ૧૪ ટીમો પણ કાર્યરત કરવામાં આવેલ છે. આ ચેકપોસ્ટ ઉપર એસ.એસ.ટી. તથા સ્થાનિક પોલીસનો સ્ટાફ રાઉન્ડ ધ કલોક વાહનોનું સઘન ચેકીંગ કરી આદર્શ આચાર સંહિતાનો ભંગ ન થાય તે અંગેની કાર્યવાહી કરી રહી છે. આમ જીલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં ચુંટણી યોજાય તે માટે પોલીસ તંત્ર કટિબધ્ધ હોવાની પ્રતિતી કરાવતી કાર્યવાહી કરી રહ્યું છે.

## માણાવદર આર.કે. પાર્ક સહિત અનેક વિસ્તારમાં ગંદા પાણી વિતરણથી પ્રજાજનો ઉપર ખતરો

### વારંવાર ખરાબ પાણી વાળુ વિતરણ થતું હોવાની ફરિયાદ કોઈ ધ્યાન આપતું નથી

(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા.૨૭

માણાવદર પાલિકા દ્વારા ગંદા પાણીનું વિતરણ આર.કે. પાર્ક સહિત આજુબાજુની સોસાયટીમાં થયું હોય પ્રજાજનો ઉપર આરોગ્યનું જોખમ સાથે જાનનું જોખમ ઉભું થયું હોવાની પ્રજાજનોમાંથી ફરીયાદ ઉઠવા પામી છે. એક બાજુ ૫ દિવસે પાણી વિતરણ કરાય તો બીજી બાજુ ભયાનક ગંદા પાણી વિતરણ થયું હોય ઘરે ઘરે શુધ્ધ પાણીના ટાંકા બગાડી નાખ્યા હવે તે સાફ કરવાના રૂપીયા બગડે ઉપરથી નવું પાણી મંગાવવું પડે તે ખર્ચ અને ના તો પાણી ઉપયોગ થઈ શકે બધી બાજુ પ્રજાજનોને માર પડયો છે. ત્યારે તાકિદે આર.કે. પાર્ક સોસાયટીમાં સેનીટેશન કુંડીનું કયાં પાણી ભળ્યું છે તે શોધી ઉકેલ કરો નહી તો અનેક લોકોના જાનનું જોખમ રહેશે તેવી ચર્ચા પ્રજાજનો કરી છે. અગાઉ પણ ફરિયાદો કરી હતી પરંતુ કોઈ ધ્યાન અપાતું નથી તેમ પ્રજાજનો ફરિયાદ કરે છે.

## વિસાવદર પ્રાંત અધિકારીની ઓફિસ આગળના સ્પીડ બ્રેકર એટલે અકસ્માતને આમંત્રણ

(પ્રતિનિધિ દ્વારા) વિસાવદર તા.૨૭

વિસાવદરથી જૂનાગઢ જતા રાજય મુખ્ય માર્ગ ઉપર તાલુકાની સૌથી જવાબદાર કાર્યાલય પાસે આવેલા મસમોટા સ્પીડ બ્રેકર એ વારંવાર અકસ્માત સર્જે એવી રીતે બનાવવામાં આવ્યા છે. આ સ્પીડ બ્રેકરો ઉપર અવારનવાર અકસ્માતો થઈ રહ્યા છે અને શું આ સ્પીડ બ્રેકરો સરકારી અધિકારીઓને ધ્યાનમાં નથી આવતા રાજય ધોરીમાર્ગ ઉપર આ સ્પીડ બ્રેકરો કયા ધારા ધોરણ મુજબ બનાવ્યા છે તે ચર્ચામાં છે. આ રોડ ઉપર પસાર થતા દરેક લોકો માટે માથાના દુઃખાવા સમાન છે અને જો આ ગતિ અવરોધક રાખવાની આવશ્યકતા જ હોય તો જવાબદાર માર્ગ વિભાગે સૂચક બોર્ડ લગાડવું જોઈએ અથવા પ્રાંત ઓફીસે પણ આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ કેમ કે તેમના વાતાનુકૂલિત ગાડીઓમાં ફરતા અધિકારીઓ પણ આ સ્પીડ બ્રેકર ઉપરથી વારંવાર પસાર થતા હોય છે.



આ માટે પ્રાંત અધિકારી તથા સંલગ્ન વિભાગને જાગૃત નાગરિક પત્રકાર મુકેશ રીબડીયા આ સમાચાર માધ્યમથી સૂચિત કરે છે કે તાત્કાલીક ધોરણે આ મનઘડત સ્પીડ બ્રેકરો હટાવી અને લોકોને હેરાનગતિ થતી અટકાવો નહિતર આગળની કાર્યવાહી માટે લેખિતમાં રજૂઆત કરવામાં આવશે. સાઈન બોર્ડ વગરના આ સ્પીડ બ્રેકરોને કારણે કોઈ અકસ્માત થશે તો જવાબદાર વિભાગ અને અધિકારીઓની સામે કોર્ટ મેટર કરવામાં આવશે.

## જૂનાગઢ : છેલ્લા ૧ વર્ષથી દારૂના કેસમાં નાસતા ફરતા યુવાનને ઝડપી લેતી પોલીસ




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૭

છેલ્લા ૧ વર્ષથી દારૂના કેસમાં નાસતા ફરતા ચમારડીના યુવાનને પોલીસે વાડલા ફાટકેથી ઝડપી પાડ્યો હતો. નાસતા ફરતા આરોપીઓની અટક કરવા સૂચના જારી થતા જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી. દરમ્યાન વંથલી પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં છેલ્લા ૧ વર્ષથી નાસતો ફરતો મૂળ માંગરોળનો અને હાલ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ચમારડી ગામે રહેતો વિજય કિશોરભાઈ સોલંકી(ઉ.વ.૨૮) નામનો યુવાન વંથલી નજીકના વાડલા ફાટક પાસે ઉભો હોવાની માહિતી મળતા એલસીબીની ટીમે ધસી જઈને આ શખ્સને દબોચી લઈ વંથલી પોલીસને સોંપી આપ્યો હતો. આ યુવક સામે માંગરોળ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૨માં દારૂનો કેસ તેમજ વર્ષ ૨૦૦૨૩માં મારામારી ઉપરાંત દારૂના બે કેસ નોંધાયા હતા. આમ ગુનાહિત ઈતિહાસ ધરાવતો આરોપી ઝડપાઈ જતા પોલીસે રાહત અનુભવી હતી. વધુમાં પકડાયેલા શખ્સ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## જૂનાગઢ જીઆઈડીસી-૨ નજીકથી જાહેરમાં જુગાર રમતા ૩ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૭

જૂનાગઢના દોલતપરા જીઆઈડીસી-૨ વિસ્તારમાં આવેલા એક કારખાના સામે જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લઈ તેના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આપેલી વિગત અનુસાર, એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ લખમણભાઈ ભાયાભાઈએ જાતે ફરિયાદી બની અને નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, દોલતપરા જીઆઈડીસી-૨માં એક કારખાના સામે જાહેરમાં જુગાર રમતા અશોકભાઈ નાથાભાઈ ચૌહાણ, સંદિપકુમાર દેશરામભાઈ ગૌતમ, ગુડુભાઈ જલકુભાઈ રામ વિગેરેને કુલ રૂા.૩૨૪૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેના વિરૂધ્ધ જુગાર ધારા કલમ ૧૨ મુજબ

## જૂનાગઢ : ચેક રિટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ શ્રીરામ ફાઈનાન્સના બે ચેક રિટર્ન કેસ જેમાં દસ લાખ અને રૂપિયા છ લાખના કેસમાં આરોપીને નિર્દોષ ઠરાવતો ચુકાદો નામદાર અદાલત દ્વારા આપવામાં આવેલ છે. આ કેસની હકીકત એવી છે કે શ્રીરામ ફાઈનાન્સ જૂનાગઢ દ્વારા આરોપીને ૧૦,૦૦,૦૦૦ અને ૬,૦૦,૦૦૦ એમ બે લોન શ્રીરામ ફાઈનાન્સ દ્વારા આપવામાં આવેલ. જે બંને ચેકો રિટર્ન થતા શ્રીરામ ફાઈનાન્સ કંપની દ્વારા આરોપી સામે બે કેસો નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ કરવામાં આવેલ. જેમાં નામદાર કોર્ટે એવું ઠરાવેલ કે ફરિયાદી શ્રીરામ ફાઈનાન્સ દ્વારા આરોપીને લોન આપવાનું પુરવાર થતું નથી. તેમજ આરોપી તરફે અનુમાનનું ખંડન કરવામાં સફળ રહેલ છે. તેમજ ફરિયાદીનું કોઈ લોકલ સ્ટેન્ડિંગ ફરિયાદ માટે નથી. તેમજ કાયદેસરનું લેણું સાબિત કરવામાં શ્રીરામ ફાઈનાન્સ નિષ્ફળ ગયેલ હોય જેથી આ બંને કેસોમાં આરોપી રામદેવભાઈ કે. કડછાને નિર્દોષ છોડી મૂકેલ છે. આરોપીના બચાવ પક્ષે જૂનાગઢના એડવોકેટ દેવગીરી એન. અપારનાથી, પારૂલબેન એમ. ગૌસ્વામી અને ભાવેશગીરી યુ. મેઘનાથી રોકાયેલા હતા.

## વંથલીના નવલખી ગામે દાઝી જતા સારવાર દરમ્યાન વૃધ્ધાનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૭

વંથલી તાલુકાના નવલખી ગામના જયાબેન હિરાભાઈ વાઢેર(ઉ.વ.૭૦) પોતાના ઘરે એકલા હતા ત્યારે ગેસના ચુલ્લા ઉપર પાપડ સેકતી વખતે ગેસના ચુલ્લામાં ફુંક મારતા કપડામાં આગ લાગી જતા તેઓ સખ્ત રીતે દાઝી જતા સારવાર માટે ખસેડવામાં આવેલ જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું થયું છે. વંથલી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


